જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૩-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ચૂંટણી પંચે સાયબર નિષ્ણાત શુઝા સામે તપાસ કરવા સૂચના આપી

ઈવીએમ વિવાદ : FIR દાખલ કરવાનું આખરે પોલીસને સૂચન

ઈવીએમને લઈને વિવાદ થયા બાદ ચૂંટણી પંચની અપીલ : ભારતમાં ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવતા ઈવીએમને હેક કરી શકાય તેવા દાવા બાદ હોબાળો

નવીદિલ્હી

ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ને લઈને ઉઠેલા વિવાદમાં વધારો થતાં હવે ચૂંટણી પંચે પણ આજે દાવો કરનાર સાયબર નિષ્ણાત સૈયદ શુઝા સામે એફઆઈઆર દાખલ કરવા દિલ્હી પોલીસને આજે આદેશ કર્યો હતો. શુઝાએ ગઈકાલે દાવો કર્યો હતો કે, ભારતમાં ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવતા ઈવીએમને હેક કરી શકાય છે. ચૂંટણી પંચે આની ગંભીર નોંધ લઈને આ મામલામાં એફઆઈઆર દાખલ કરીને જરૂરી તપાસ કરવા માંગણી કરી છે. ઈસીઆઈ દ્વારા કહેવામાં આવ્યું છે કે, લંડનમાં થયેલા કાર્યક્રમમાં સૈયદ શુઝા દ્વારા કરવામાં આવેલા દાવામાં ઉંડી તપાસ કરવામાં આવે તે જરૂરી છે. શુઝાએ એમ પણ કહ્યું તું કે, ભારતમાં પયોગ કરવામાં આવતા ઈવીએમને હેક કરી શકાય છે. ઈસીઆઈએ પોતાના પત્રમાં કહ્યું છે કે, કેટલાક મિડિયા રિપોર્ટ મારફતે પંચે નોંધ લઈને આ બાબતની નોંધ લીધી છે કે, સૈયદ શુઝાના દાવામાં તપાસ કરવામાં આવે તે જરૂરી છે. સૈયદ શુઝાએ દાવો કર્યો છે કે તેઓ ઈવીએમ ડિઝાઈન ટીમના સભ્ય હતા અને તેઓ ભારતમાં ઉપયોગ થઈ રહેલા ઈવીએમને હેક કરી શકે છે. ઈસીઆઈએ દિલ્હી પોલીસને તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવા કહ્યું છે. સાયબર નિષ્ણાત વડા દ્વારા કરવામાં આવેલા દાવા બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર લડાઈ શરૂ થઈ ચુકી છે. કેન્દ્રીયમંત્રી અને ભાજપ નેતા રવિશંકર પ્રસાદે આક્ષેપ કરતા કહ્યું છે કે, રાહુલ ગાંધી ચૂંટણી હારી રહ્યા છે જેથી આવા પ્રયોગ કરાવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી ૨૦૧૯ની ચૂંટણીમાં તેની થનાર હારને લઈને પહેલાથી જ બહાના શોધી રહી છે. રાહુલ ગાંધી હોમવર્ક કરતા નથી. તેમની ટીમ પણ હોમવર્ક કર્યા વગર મેદાનમાં ઉતરે છે. રાહુલ ગાંધી ચૂંટણી હારવા માટે ઘણા રસ્તાઓ શોધતા રહે છે. હેકથોનમાં કહેવામાં આવ્યું હતું કે, શુઝા એક મોટા હેકર તરીકે છે. એકાએક તેઓ ત્યાં કઈરીતે પ્રગટ થઈ ગયા હતા. એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ઈવીએમને હેક કરીને દર્શાવવામાં આવશે પરંતુ તેઓ અમેરિકાથી પ્રગટ થાય છે. ચહેરાને ઢાંકીને રાખે છે. ત્યાં તેઓએ માત્ર ખોટી વાત રજૂ કરી હતી. શુઝાએ ગોપીનાથ મુંડેના મોતને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. પ્રસાદે કહ્યું હતું કે, એમ્સના તબીબોએ મુંડેના પોસ્ટમોર્ટમ રિપોર્ટ કર્યા હતા અને કહ્યું હતું કે, તેમની ગરદનમાં ઈજા થવાથી મૃત્યુ થયું હતું. શુઝાએ માત્ર બકવાસ વાત કરી હતી.

પ્રજાસત્તાકને લોહીયાળ બનાવવા દિલ્હીમાં ૫ થી ૬ આતંકીઓ ઘૂસ્યા: એલર્ટ જાહેર

ન્યુ દિલ્હી

રાજધાનીમાં ગણતંત્ર દિવસની પરેડની ૪ દિવસ પહેલા ખાનગી એજન્સીઓએ એક મોટું એલર્ટ જાહેર કર્યું છે. ઈન્ટેલિજેંસે રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં આતંકીઓ ઘૂસ્યા હોવાની આશંકા સેવી છે. આતંકીઓની સંખ્યા પથી ૬ બતાવવામાં આવી રહી છે. દેશની ખાનગી એજન્સીઓ પાસેથી જાણકારી મળી છે કે, આ આતંકવાદીઓમાંથી અમુક તો બે મહિના પહેલા દિલ્હીમાં ઘૂસી ચૂક્યા છે, પરંતુ દિલ્હીમાં તેઓ ક્યા છૂપાયા છે હાલ તેના વિશે કોઇ જાણકારી મળી શકી નથી. પોલીસને જે ઈનપુટ મળ્યા છે, તેમાં જણાવવામાં આવી રહ્યું છે કે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને હિજબુલ મુજાહિદ્દીનના છે. શંકા છે કે તેમની પાસે ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ હોઇ શકે છે. એવામાં દિલ્હીના તમામ ભીડભાડવાળા સ્થાનો જેવા કે, આઈએસબીટી, રેલ્વે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. સાથે દિલ્હીના મોલ, મલ્ટીપ્લેક્સ અને મંદિરોમાં પણ સુરક્ષાને લઈને ખુબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસ તરફથી તમામ ૧૫ જિલ્લાના ડીસીપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે ૨૬ જાન્યુઆરી સુધી દરેક દરેક વિસ્તારોમાં સૌથી વધુ પેટ્રોલિંગ કરવામાં આવે, જેથી પ્રેજેંસ થવાથી એસએચઓ અને અન્ય લોકલ પોલીસકર્મી પણ એલર્ટ રહે અને ચોકસાઇ પર સૌથી વધુ ધ્યાન આપે, રાત્રે બેરિકેડિંગ લગાવીને શંકાસ્પદોની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષે વિશાળ જનસભાને સંબોધી

અમારી યાત્રા નીકળી હોત તો દીદી(મમતા)ની અંતિમ યાત્રા નીકળી જાત: અમિત શાહ

દુર્ગા પુજાનું વિસર્જન બંગાળમાં નહીં કરીએ તો શું પાકિસ્તાન જઈને કરીશું,મમતાના શાસને પશ્ચિમ બંગાળને બનાવ્યુ કંગાળ,અમારી સરકાર આવશે તો એક પણ ઘૂસણખોર નહીં આવી શકે

માલદા

પશ્ચિમ બંગાળના માલદામાં બીજેપી અધ્યક્ષ અમિત શાહે રેલી કરીને મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) પર તાબડતોડ હુમલો કર્યો હતો. તે દરમિયાન અમિત શાહે રથયાત્રાથી લઈને રોહિંગ્યાઓ, નાગરિકતા, સંશોધન બિલ, દુર્ગા પુજા વિસર્જન જેવા તમામ મુદ્દાઓ પર મમતાની ટીએમસીને ઘેરી હતી. તેમણે કહ્યું કે, દુર્ગા પુજા વિસર્જન અને સરસ્વતી પુજાની મંજૂરી બંગાળમાં નહીં મળે તો શું પાકિસ્તાન જઈને કરીશું. અમિત શાહે મમતાની વિપક્ષી રેલી પર નિશાન સાધતા કહ્યું કે, વિપક્ષનું ગઠબંધન સેલ્ફી ગઠબંધન છે. તેમણે કહ્યું, મમતા દીદીએ યૂપીએના લોકોને પ્રેમથી બોલાવી તેમની આગતા સ્વાગતા કરી. યૂપીએસરકારે પોતાના છેલ્લા વર્ષમાં બંગાળને ૫ વર્ષમાં ૧ લાખ ૩૨ હજાર કરોડ રૂપિયા આપ્યા, જ્યારે નરેન્દ્ર મોદીએ ૩ લાખ ૯૫ હજાર ૪૦૬ કરોડ રૂપિયા આપ્યા, તેમના કરતા દોઢ ઘણા રૂપિયા દીદીને મળ્યા છે, પરંતુ મમતા દીદીને હજી પૈસા ઓછા પડી રહ્યા છે. અડધા રૂપિયા તમારા લોકોખાઈ જાય છે, અડધા ઘૂસણખોરીઓખાઈ જાય છે. બંગાળની જનતાને કંઈ નથી મળતું. શાહે વધુમાં કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ડરનો માહોલ છે. પશ્ચિમ બંગાળની અંદર દુર્ગા વિસર્જનને મંજૂરી નથી તો પાકિસ્તાન જઈને વિસર્જન કરીશું? અહીં સરસ્વતી પુજાને અનુમતિ નથી. તેના સિવાય શાહે પશ્ચિમ બંગાળને સુભાષ ચંદ્ર બોસની ધરતી ગણાવી અને કહ્યું કે, કોંગ્રેસે તેમને ભૂલાવવામાં કોઇ કસર છોડી નથી પરંતુ બીજેપીએ તેમની દેશભક્તિ, તેમના કામને અમર કરવાનો નિર્ણય લીધો છે.

ટ્રકમાં ૫૦ લોકો સવાર હતા, ૨૫થી વધુ લોકો ઘાયલ, સરકાર પરિવારજનોને ૨-૨ લાખની સહાય આપશે

ઓરિસ્સામાં ટ્રક ૬૦ ફૂટ ઊંડી ખાઈમાં ખાબકી: ૧૨ લોકોના મોત

ભૂવનેશ્વર

ઓરિસ્સાનાં કંધમાલ જિલ્લામાં બાલીગુદા પાસે મંગળવાર સવારે એક ટ્રક પલટી ખાઈ જતા ૬૦ ફુટ ઊંડી ખીણમાં ખાબક્યો હતો. આ દુર્ઘટનામાં ૧૨ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઉપરાંત ૨૫થી વધુ ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને બેહરમપુરનાં મહારાજા કૃષ્ણચંદ ગજપતિ મેડિકલ કોલેજમાં સારવાર અર્થે ખસેડાયા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, ટ્રકમાં સુલુમા વિસ્તારનાં આશરે ૫૦ લોકો સવાર હતા. આ તમામ



ચર્ચનાં કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગાદાપુરથી બ્રાહ્મણી ગામ તરફ જઈ રહ્યાં હતા. આ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કરતા મુખ્યમંત્રી નવીન પટનાયકે મૃતકોનાં પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની સહાય ઉપરાંત ઈજાગ્રસ્તોની નિ:શુલ્કપણે સારવાર આપવા અંગેની પણ જાહેરાત કરી હતી.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

MARKET4U

BHARUCH - SURAT

market4u.in

7575006850

ZAVERI

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા બૈમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી ભરીને રૂપિયા ૬ગ મુજબ ચુકેલ આપકમાંથી ચુકવણા જશો, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેલ્ટથ્રુ ૬ગ્રેડમાં મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૧૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૩૫૫૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

૨૫ જાન્યુઆરીના ધારપીપળા ગામ સમસ્ત ભવ્ય સમૈયો અને લોકમેળો

રાણપુરના ધારપીપળા ગામે બજરંગદાસ બાપાની મઢુલીની ૧૩મી તીથી નિમિત્તે ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન યોજાશે સર્વજ્ઞાતિની ૫૧ દીકરીયુ ના સમૂહ લગ્નમાં સંતો,મહંતો,રાજકીય આગેવાનો જોડાશે

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે આગામી તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ ધારપીપળા ગામ સમસ્ત દ્વારા બજરંગદાસ બાપાની મઢુલીની ૧૩મી પુર્ણતિથી,મઢુલીવાળા મહાદેવનો ઉત્સવ અને સર્વજ્ઞાતિની ૫૧ દીકરીયુના ચતુર્થ સમૂહ લગ્નોત્સવ અને લોક ડાયરો યોજાશે જેમાં પુજય. ભગવાનદાસબાપુ નાનોદરા,ભક્ત ભુષણ. જનકસિંહ સાહેબ અમરધામ (છલાળા)પુજય ભક્તીગીરી માતાજી દામનગર સહીત અનેક સંતો મહંતો પ્રભુતામાં પગલા માંડતા ૫૧ નવદંપતિઓને આશિર્વાદ આપવા પધારશે જયારે ભુપેન્દ્રસિંહ ચુડાસમા-શિક્ષણ મંત્રી, કુંવરજીભાઈ બાવળીયા-પાણી પુરવઠા મંત્રી, સૌરભભાઈ પટેલ-ઉર્જા મંત્રી, ભરતભાઈ પંડ્યા-પ્રદેશ પ્રવકતા ભાજપ, જેશભાઈ ગોહીલ-ધારાસભ્ય ધંધુકા મતવિસ્તાર, લાલજીભાઈ મેર-પુર્વ ધારાસભ્ય, કાળુભાઈ ડાભી-કોળીસમાજ પ્રમુખ ગુજરાત સહીત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો આ પ્રસંગે હાજર રહેશે આ દરમ્યાન સંતો ના આશિર્વાદ,લોકમેળો અને રાત્રીના લોક ડાયરા સહીત અનેક કાર્યક્રમો યોજાશે ૫૧ દીકરીઓને દાતાઓ ના સહયોગથી કરીયાવર પણ મોટા પ્રમાણમાં આપવામાં આવશે આ સમૈયા માં ખુબજ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે સમગ્ર આયોજન ધારપીપળા ગામ સમસ્ત કરવામાં આવ્યુ છે

રાણપુર રેલ્વે સ્ટેશને ટ્રેનમાંથી યુવતી પડીજતા યુવતીનો આબાદ બચાવ સામાન્ય ઈજા પહોચી



બોટાદ જીલ્લાના રાણપુર ખાતે રેલ્વે સ્ટેશન ખાતે યુવતી ઉભી હતી અને આ યુવતીને સુરેન્દ્રનગર જતી ટ્રેનમાં જવાનુ હતુ અને ભુલથી બોટાદ જતી ટ્રેનમાં ચડીજતા ચાલુ ટ્રેને આ યુવતી ટ્રેનમાંથી ઉતરવા જતા નિચે પડી ગઈ હતી આ અંગે જાણવા મળતી માહીતી મુજબ આ યુવતી રાણપુરના દેવળીયા ગામની હતી આ યુવતી ચાલુ ટ્રેન માંથી ઉતરવા જતા પડીજતા આબાદ બચાવ થયો હતો અને ઈજા થતા રાણપુર સરકારી દવાખાને લઈજઈ વધુ સારવાર માટે સુરેન્દ્રનગર ખસેડવામાં આવી છે

બીડીની ફૂંકથી કેન્સર મટાડતા બાબાનો ગોરખધંધો બંધ કરાયો

રાજકોટ

રાજકોટના હડાળા ગામે આવેલ ખાખી બાબા છેલ્લા ત્રણ મહિનાથી લોકોને અંધશ્રદ્ધા તરફ ધકેલી રહ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં વાત એમ હતી કે ખાખી બાબા પોતે બીડીની રાખથી લોકોના દુઃખ દર્દ મટાડી દેતા હોવાથી લોકોની ભીડો જમવા લાગી હતી.

હાડાળા ગામે આવા ધતિંગ ઢોંગી બાબા પાસે સારવાર કરાવવા માટે રોજબરોજ ૨૦ હજારથી વધુ લોકો આવતા હતા. બાદમાં મીડિયાના માધ્યમથી આવા ઢોંગી બાબાની કારતૂત સામે આવતા પોલીસ અને વિજ્ઞાન જાથા એકશનમાં આવી હતી. બાદમાં મોડી રાત્રે કુવાડવા પોલીસ અને વિજ્ઞાન જાથાએ ખાખી બાબાને પકડી તેમની પાસે લેખિતમાં ખાત્રી માંગી હતી. જેમાં બાબાએ ખાત્રી આપી હતી કે તે આજથી તેવો પોતાનો આ ધતિંગનો ધંધો બંધ કરશે.

વિજ્ઞાન જાખાના પ્રમુખ જયંત પંડ્યાએ જણાવ્યું કે, નગીનભાઈ આંબલીયાએ પોતાના મનથી સ્વૈચ્છિક રીતે જાહેરાત કરી છે કે, કોઈએ આવા ઉપચારથી સાજા થાય નહિ, આ અંધશ્રગદ્ધા, તૂત, આ તો મહાડિંડક છે. તેઓએ જે લોકોને સારુ નથી થયું તેઓની માફી માંગી છે. વિજ્ઞાનજાથા પાસે ત્રણ મિહનાથી ધૂબ અને બીડીના રોગથી ઉપચાર કરતા હાત તેની અનેક ફરિયાદો મળતા હતા. એમ ધૂપથી કોઈનુ સારુ નથાય. કોઈનું મોત થાય તો જવાબદારી કોની. આવુ તૂત વિજ્ઞાનજાથા રાજયમાં કે, દેશમાં કોઈ ચલાવશે નહિ. આજે ચોટીલાથી એક વ્યક્તિ આવ્યા હતા, જેમને નગીનભાઈનો ઉપચાર કરવાથી અસહ્ય તકલીફ થઈ હતી. ડાયાબિટીસ, આંખમાં દેખાવાનું બંદ થયું, હાર્ટના સ્પેશાયલિસ્ટ પાસે જવું. પોલીસે ફરિયાદ લેવાનું પણ જાથાને કહ્યું કે, લોકોએ આવી જગ્યાએ જાવું નહિ. આ એક અંધશ્રદ્ધા છે. નવીનભાઈએ જે લોકોને સારું નથી થયું, તે લોકોની માફી માંગી છે.

ખાખી બાપુ નવીનભાઈ આંબલીયાએ કહ્યું કે, પોતાની આવીતકાલથી બંધ એટલે બંધ. કેટલાય આવતા હતા બધાને ના પાડી. આવતીકાલથી રોજીરોટીનું રળી ખાવાનું. પોતાને આ ધૂપનો વિચાર કેવી રીતે આવ્યો તે વિશે તેમણે કહ્યું કે, બાપુ આવ્યા હતા, હું મંદિરે સૂતો હતો. દુકાન ઉઘાડી હતી. આ પ્રસાદ આપ્યો હતો કે, આવી રીતે બીડી ધૂપ નાખજે, તે બધાના ફેરવજે એટલે તેઓના દુખ જતા રહેશે. બે વર્ષમાં કોઈને કહ્યું જ નહિ. કળીયુગ છે કોઈ માને ન માને. બાદમાં ત્રણ મહિનામાં આ ચાલુ કર્યું હતું. શરૂઆતમાં બસો અઢીસો લોકો આવતા, બાદમાં દસ-પંદર હજાર જેટલા લોકો આવવા લાગ્યા. પણ ત્રણ મહિનામાં મેં કોઈ વસ્તુના કોઈ રૂપિયા લીધો નથી.

માલપુરના સરપંચની અવિશ્વાસની દરખાસ્ત પછી પેટા ચૂંટણીમાં ૬૦૩ મતથી વિજય

અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મુદત પૂર્ણ થયેલ ૨ ગ્રામ પંચાયત અને માલપુર સરપંચ ભારતીબેન ઉપધ્યાય સામે ગ્રામ પંચાયતના સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા યોજાયેલ પેટા ચૂંટણી સહીત ૨૨ વોર્ડના સભ્યો ની ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું ત્યારથી ચૂંટણીના પરિણામ જાહેર થયું ત્યાંસુધી ભારે ઉત્તેજના ભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. માલપુર ગ્રામ પંચાયતના ભારતીબેન ઉપધ્યાયને ભલે સરપંચ પદેથી સભ્યોએ દૂર કર્યા હોય પરંતુ માલપુર નગરમાં કરેલા વિકાસના કામો અને પ્રજાજનોની લોકચાહનાને પગલે ૬૦૩ મતથી ભવ્ય વિજય થતા તેમના ટેકેદારો દ્વારા ભવ્ય વિજયોત્સવ મનાવ્યો હતો.

મોડાસા તાલુકાના વરથુ અને સુરપુર ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થતા યોજાયેલી ચૂંટણીની મતગણતરી મંગળવારે યોજાતા સરપંચ અને સભ્યપદના ઉમેદવારો તેમના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં મતગણતરી સ્થળે ઉમટ્યા હતા. વરથુ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે કોદીબેન રાઠોડનો ૫૨૪ મતથી અને સુરપુર ગ્રામ પંચાયતમાં સરપંચ પદે વિક્રમસિંહ મકવાણા ૩૮૫ મતથી વિજય બનતા તેમના ટેકેદારો ગેલમાં આવી ગયા હતા. તદઉપરાંત ૨૨ વોર્ડ સભ્યોની ચૂંટણીમાં વિજેતા સભ્યના ટેકેદારોએ જીતનો જશ્ન મનાવ્યો હતો. વરથુ અને સરપંચ પદના વિજેતા ઉમેદરોએ બેન્ડવાજા અને ડીજેના તાલે અબીલ ગુલાલની છોળો વચ્ચે સરઘસ કાઢ્યું હતું, જ્યારે હારેલા ઉમેદવારો અને તેમના ટેકેદારોમાં ભારે નિરાશા ફેલાઈ હતી.

કેનાલમાં ગાબડું પડતા જીરાનો પાક ધોવાયો, ખેડૂતો બેહાલ

ભુજ

કચ્છના સાંતલપુર તાલુકાનું બાબરા ગામ હાલ ભયના ઓથાળ તળે જીવી રહ્યું છે. અહીંથી પસાર થતી નર્મદાની મુખ્ય કચ્છ બ્રાન્ચ કેનાલમાં ઠેર ઠેર ગાબડાઓ પડી રહ્યાં છે. જેને લઈ કેનાલની આસપાસ આવેલ ૫૦ વીઘા ખેતરોમાં પાક ધોવાઈ રહ્યાં છે. જો સત્વરે કેનાલનું રિપેરીંગ હાથ નહિ ધરાય તો આગામી દિવસે પાણીનો પ્રવાહ વધવાથી કેનાલનું પાણી બાબરા ગામમાં ઘુસી શકે છે.

અને સમગ્ર ગામ બેટમાં ફેરવાય તેવી ભીતી ગ્રામજનોમાં છે. આ વિસ્તારને સરકારે અછત ગ્રસ્ત જાહેર કર્યો છે. છતાં અહી સુધી કોઈ જ સહાય ન મળતા ખેડૂતો બેહાલ થયા છે

વાછરડાને બચાવવા જતા ટેક્કર ફંગોળાઈને ઊંધું ફરી ગયું, ઘટના સીસીટીવીમાં કેદ

જુનાગઢ

માર્ગો પર અબોલ પશુઓના અનેક અકસ્માતો થતાં હોય છે. વાહન ચાલકો અબોલ પશુ વચ્ચે આવી જતાં અકસ્માત સર્જીને ફરાર થઈ જતાં હોય છે. પરંતુ અહીં એક એવી ઘટના સામે આવી છે. જેમાં એક અબોલ પશુને બચાવવા માટે ટેક્કર ચાલક પોતાનો જીવ જોખમમાં મુકી દે છે.

આ ઘટના છે જૂનાગઢના મેંદરડા રોડ પરની, જ્યાં નાની ખોડિયાર નજીક રોડ ક્રોસ કરી રહેલા વાછરડાને બચાવવા માટે દૂધના ટેક્કર ચાલકે શોર્ટ બ્રેક મારી.

જોકે તેના કારણે ટેક્કર સ્લીપ માર્યું અને આખું ટેક્કર ફરીને ઉંધી દિશામાં ફરી ગયું. આમ ટેક્કર ચાલક અભય જાડેજાએ ગૌવંશને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મુકી દીધો અને એક અબોલ પશુનો જીવ બચાવ્યો.

આપને જણાવી દઈએ કે, તો આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેમાં સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે કે એક વાછરડું રોડ ક્રોસ કરી રહ્યું છે. તે સમયે સામેથી ટેક્કર આવી રહ્યું છે. જોકે વાછરડું વચ્ચે આવી જતાં ટેક્કર ચાલક બ્રેક મારે છે અને ટેક્કર ફંગોળાઈને આખુ ગોળ ફરી જાય છે. અંતે વાછરડાનો જીવ બચી જાય છે.

કોસ્ટગાર્ડની કારે ટક્કર મારતા પીએસઆઈનું કરુણ મોત નીપજ્યું

પોરબંદર

પોરબંદરમાં સુભાષનગર જેટી પાસે કારની ટક્કરે સુરક્ષાબંદોબસ્તમાં ઉભેલા પીએસઆઈનું મંગળવારે વહેલી સવારે મોત થતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પોરબંદરમાં સુભાષનગર જેટી પાસે આવેલ જીબીએમ મોડલ ગેટ પર પીએસઆઈ જે.જી. પાડા રાત્રે પોલીસ બંદોબસ્તમાં હતા. આ દરમિયાન એક કોસ્ટગાર્ડ પોતાની ખાનગી કાર લઈને પૂરપાટ ઝડપે ત્યાંથી પસાર થયો હતો. કોસ્ટગાર્ડ પસાર થયો ત્યારે બેરીકેડ બંધ હોવા છતાં તેણે કાર હંકારી હતી અને બેરીકેડ સહિત પીએસઆઈ જે.જી.પાડાને અફડેફે લીધા હતા. આ ટક્કર એટલી જોરદાર હતી કે પીએસઆઈ જે.જી. પાડાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું અને તેમના લોહીથી રોડ ખરડાઈ ગયો હતો તથા કોસ્ટગાર્ડ અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો પણ દોડી આવ્યો હતો અને પીએસઆઈ જે.જી. પાડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયો છે તથા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે .

આયુર્વેદ યુનિ.ના બગીચામાંથી સફેદ ચંદનના વૃક્ષની ચોરી

જામનગર

રાજયની એક માત્ર આયુર્વેદ યુનિવર્સીટીમાં ફરી વખત ચંદનના વૃક્ષની ચોરી થતી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. જામનગરની ગુજરાત આર્યુવેદ યુનિ.માં ચંદનના વૃક્ષનું છેદન કરી તસ્કરો એક વૃક્ષમાંથી સાતેક ફુટ સફેદ ચંદન ચોરી ગયાની વિગતો સામે આવી છે.

જામનગરમાં આવેલી વિશ્વ પ્રખ્યાત ગુજરાત આર્યુવેદ યુનિવર્સિટીમાં ધન્વતરી મંદિર પાસે ચરક ગાર્ડનમાં ઉગાડવામાં આવેલા સફેદ ચંદનના વૃક્ષની ભૂતકાળમાં પણ ચોરી થયાની ઘટના બનતી રહી છે. અહીં ગાર્ડનમાં જુદી-જુદી ઔષધિના વૃક્ષો સાથે સફેદ ચંદનના પંદર વૃક્ષ પણ જતન કરી ઉગાડવામાં આવ્યા છે. ચરક ગાર્ડનની સુરક્ષા માટે દિવસ રાત ચોકીદારની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. છતાં પણ ચંદન ચોરીના બનાવો બનતા જ રહ્યા છે. ગત શનિવારે રાત્રીના કોઈ શખ્સોએ અંદર પ્રવેશી બે સફેદ ચંદનના વૃક્ષો કાપી નાખ્યા હતાં. જેમાંથી એક ચંદનના વૃક્ષમાંથી સાતેક ફુટ ચંદન તેઓ લઈ ગયા હતા. અહીંના ગાર્ડનની સુરક્ષા માટે રાત્રિના પણ ચોકીદાર ફાળવવામાં આવ્યા છે છતાં પણ ચોરીના બનાવો બનતા સિક્યોરિટી વ્યવસ્થા પર શંકાની શોય ટાંકવામાં આવી છે. જો કે આ બનાવ અંગે હજુ સુધી પોલીસ ફરિયાદ કરવામાં આવી કેમ નથી એ આશ્ચર્ય જન્માવતી બાબત ગણી શકાય.

એસઆરપી જવાન ચિક્કાર દારૂ પીધેલ હાલતમાં ઝડપાયો

જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાના છીકારી ગામે દારૂ પી જાહેરમાં છાંકટા બનેલા એસઆરપીના જવાનને મેઘપર પોલીસે આંતરી લઇ કાયદાકીય કાર્યવાહી કરી છે. ચેલા એસઆરપી ગ્રુપમાં ફરજ બજાવતો જવાન કાના છીકારી ગામે રહેતા પોતાના સસરાના ઘરે ગયો હતો અને ગામમાં જ કોઈ સ્થળે ચિક્કાર દારૂ પીધો હોવાની વિગતો જાણવા મળી છે.

જામનગર જિલ્લાની મેઘપર પોલીસે તાજેતરમાં ખંભાળિયા નગરપાલિકાના ભાજપના જ નગરસેવીકાના પુત્રને ચિકકાર દારૂ પીધેલી હાલતમાં બીએમડબલ્યુ કાર સાથે પકડી પાડી કાયદાનો પરચો બચાવ્યો હતો. આ ઘટનાના સપ્તાહ બાદ મેઘપર પોલીસે આજે વહેલી સવારે લાલપુર તાલુકાના કાના છીકારી ગામે દોડી જઈ દારૂ પીધેલી હાલતમાં છાકટા બનેલા જયેન્દ્રસિંહ રણજીતસિંહ પઢીયાર નામના એસઆરપીના જવાનને આંતરી લીધો હતો.

જામનગર નજીકના ચેલા ખાતે આવેલા એસઆરપી ગ્રુપ ૧૭ માં ફરજ બજાવતો જવાબ જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં રહે છે. કાના છીકારી ગામે સાસરૂ હોવાથી ગયો હોવાનું અને હાલ જવાન સીક લીવ (બીમારીની રજા) પર હોવાની વિગતો જાણવા મળી છે. પોલીસે આરોપી એસઆરપી જવાન સામે પ્રોહીબીશન ધારાઓ મુજબ ફરિયાદ નોંધી લોકઅપમાં બેસાડી દીધો હતો.

રાણપુર ગ્રામપંચાયત ના તલાટી કમ મંત્રીનો વિદાય સમારંભ યોજાયો



તલાટી પી.એ.ટાપરીયા પોતાની કામગીરીથી રાણપુરમાં લોકપ્રિય થયા હતા

બોટાદ જિલ્લાના રાણપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પ્રતાપસંગ.એ.ટાપરીયાની બદલી રાણપુર તાલુકાના સુંદરીયાણા ગામે થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો પી.એ.ટાપરીયાએ જ્યારથી રાણપુર ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ચાર્જ સંભાર્યો ત્યારથી તેવો લોકોના સતત કામ કરતા હતા પોતાના સ્વભાવ ને કારણે રાણપુરમાં ખુબજ લોકપ્રિયતા મેળવી હતી કોઈ પણ માણસ તેમની પાસે કામ કરાવવા જાય એટલે તરત ઉભા ઉભા તેમનુ કામ કરી દેતા આવે લોક પ્રિય અધિકારીની બદલી થતા તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબ્બાસભાઈ ખલાણી,ઉપ.સરપંચ,રાણપુર ગ્રામ પંચાયતના સદસ્યો,પંચાયતના કર્મચારી ગણ તથા રાણપુર શહેરના લોકો આ વિદાય સમારંભમાં હાજર રહ્યા હતા જેમાં સરપંચ દ્વારા તલાટી મંત્રી ટાપરીયા નુ શાલ ઓઢાડી સન્માન કરી તેમની કામગીરી ને બિરદાવી હતી તેમજ નવા આવેલા તલાટી મંત્રી જીલુભાઈ નુ શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યુ હતુ તેમજ પંચાયતના સદસ્યો અને કર્મચારી ગણ દ્વારા પણ તલાટીઓને ફુલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યુ હતુ

ભાજપા કોર્પોરેટરે પરિવારના લગ્નપ્રસંગમાં ભાઈ પર હુમલો કરતા ધરપકડ

રાજકોટ

રાજકોટ વોર્ડ નં. ૫ના ભાજપના કોર્પોરેટર અનિલ રાઠોડ અને તેના ત્રણ પુત્રોએ કાકાના પરિવારના લગ્નપ્રસંગમાં પોતાના ભાઈ વિનુભાઈ કવાભાઈ રાઠોડ પર છરીથી હુમલો કર્યો હતો. આ અંગે થોરાળા પોલીસે અનિલ રાઠોડ સહિત તેના ત્રણેય પુત્રોની ધરપકડ કરી હતી.

અગાઉ પણ અનિલ રાઠોડે શહેરના ભાવનગર રોડ પરની સિલ્વર નેસ્ટ સોસાયટીમાં રહેતા અને જમીન-મકાનના વ્યવસાય કરતા દિનેશ રાઠોડને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આથી દિનેશે થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવતા તેની અનિલ રાઠોડની ધરપકડ કરી હતી.

પેઇન્ટિંગમાં હિન્દુ ધર્મ સાથે જોડાયેલા ચિહ્નોને ખોટી રીતે રજૂ કરાયા: કૉલેજે માફી માગી

ચેન્નાઇ

તમિલનાડુની રાજધાની ચેન્નઇની જાણીતી લોયલા કોલેજમાં એક પ્રદર્શન દરમિયાન કેટલીક પેઇન્ટિંગને લઇને વિવાદ થઇ ગયો હતો. રિપોર્ટ્સ મુજબ કોલેજન આ પ્રદર્શનમાં કેટલીક પેઇન્ટિંગને લઇને ગઇકાલે હિન્દુવાદી સંગઠન અને ભારતીય જનતા પાર્ટીએ વિરોધ કર્યો હતો. ત્યાંજ ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘણા નેતાઓએ આ કાર્યક્રમની નિંદા કરતા ૯૪ વર્ષ જૂની કોલેજ વિરુધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી છે. મામલા પર વિવાદ વધતો જોઇને કોલેજે આ પેન્ટીંગને હટાવી લીધી અને તેના માટે માફી પણ માંગી.

આ પેઇન્ટિંગમાં હિન્દુ ધર્મ સાથે જોડાયેલ પ્રતિક ચિન્હોને ખરાબ અને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા હતા. જણાવવામાં આવી રહ્યુ છે કે આ પેઇન્ટિંગમાં ભાજપ તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પણ ખોટી રીતે ચિત્રિત કરવામાં આવ્યા હતા. જેના પર માફી માંગતા કોલેજે કહ્યુ કે એ પેઇન્ટિંગને હટાવી લેવામાં આવી છે. પેઇન્ટિંગમાં ત્રિશુળને ખોટી રીતે બતાવવાના કારણે ભારતીય જનતા પાર્ટી અને અન્ય સંગઠનોએ વિરોધ કર્યો છે. ત્યાંજ એક પેઇન્ટિંગમાં ભારતમાતાને 'મીટૂ' પીડિતાના રુપમાં બતાવવામાં આવી હતી.

લોયલા કોલેજની તરફથી આપવામાં આવેલ નિવેદનમાં કહેવામાં આવ્યુ કે, ' અમે અમારી ભૂલનો સ્વીકાર કરીએ છીએ અને તેનાથી જે દુખ પહોંચ્યુ છે તો તેના માટે ઇમાનદારીથી માફી માંગીએ છીએ. અમને ઘણુ દુઃખ છે કે ૧૯ અને ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ આયોજિત એક સાંસ્કૃતિક કાર્યક્રમથી વિરુદ્ધ વિઝાનુ એક ખાસ ધાર્મિક સમૂહ, સામાજિક સંસ્થા, રાજનીતિક દળ અને દેશના નેતૃત્વ વિરુદ્ધ પ્રદર્શન માટે દુરુપયોગ કરવામાં આવ્યો છે.

આગામી વડાપ્રધાન યુપીના હશે તો ખુશી થશે: અખિલેશ યાદવ

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળનાં પાટનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી વિપક્ષી નેતાઓનાં જમાવડા પછી એક સવાલ ચર્ચાની એરણ પર છે કે વિપક્ષનો મુખ્ય ચહેરો કોણ? જો કે વડાપ્રધાનપદનાં ઉમેદવારને લઈને વિપક્ષી નેતાઓ કાંઈ પણ કહેવાનું ટાળે છે. આ તરફ મહાગઠબંધનનાં પીએમ કેન્ડીડેટને લઈને ભાજપ અનેક સવાલ કરી રહ્યું છે. જો કે વડાપ્રધાન પદનાં ઉમેદવાર મુદ્દે સપા સુપ્રિમો અખિલેશ યાદવે નિવેદન આપ્યું છે.

અખિલેશ યાદવને જ્યારે પુછવામાં આવ્યું કે પ્રધાનમંત્રી પદ માટે બીએસપી પ્રમુખ માયાવતી અને ટીએમસી નેતા મમતા બેનરજીમાંથી તમારી પહેલી પસંદ કોણ છે? તેનાં જવાબમાં અખિલેશે જણાંવ્યું હતું કે નવા વડાપ્રધાન માટે પ્રયત્નો થવા જોઈએ અને ઘણાં મુદ્દા એવા છે કે જેનાં પર ચુંટણી પછી ચર્ચા થઈ શકે છે.

ચુંટણી પછી સમાજવાદી પાર્ટી કોંગ્રેસ સાથે કામ કરશે? તેવા સવાલનાં જવાબમાં અખિલેશ યાદવે કહ્યું હતું કે કોંગ્રેસ અને સપાનાં સંબંધો સારા છે, આ મુદ્દે હમણાં કઈ ન કહી શકાય પણ ચુંટણી પછી આ મુદ્દે જરૂર વિચારીશું. જો કે અત્યારે એક વાત નિશ્ચીત છે કે દેશની પ્રજા નવા વડાપ્રધાન ઈચ્છે છે અને ચુંટણી પછી તે થશે. જો કે અખિલેશની ઈચ્છા એ પણ છે કે જો આગામી વડાપ્રધાન તેમનાં ગૃહરાજ્ય યુપીનાં હશે તો તેઓ ખુશ થશે.

ભાજપ કર્ણાટકની જેમ મ.પ્રદેશમાં ઑપરેશન લોટ્સ ચલાવી રહી છે: કમલનાથ

ભાજપે કોંગ્રેસના પાંચ ધારાસભ્યોને લાલચ આપી હતી

ભોપાલ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે ભાજપ પર પોતાની સરકારેન અસ્થિર બનાવવાનો આરોપ મુકતા કહ્યુ હતુ કે ભાજપ કર્ણાટકની જેમ મધ્યપ્રદેશમાં ઓપરેશન લોટસ ચલાવી રહી છે.ભાજપે કેટલાક કોંગ્રેસના ધારાસભ્યોનો સંપર્ક કર્યો છે.

એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કમલનાથે કહ્યુ હતુ કે ભાજપે કોંગ્રેસના પાંચ ધારાસભ્યોને લાલચ આપી હતી.જેથી કોંગ્રેસની સરકાર ઉથલાવી શકાય. ધારાસભ્યોએ જ મને આ જાણકારી આપી હતી. જોકે તેમણે કહ્યુ હતુ કે સરકારને કોઈ ખતરો નથી.ઉલ્ટાનુ ભાજપના પાંચ ધારાસભ્યો મારા સંપર્કમાં છે.જો ભાજપ મારી સરકાર ઉથલાવવાનો પ્રયાસ કરશે તો હું પણ એવી જ રીતે જવાબ આપીશ.

હું ૨-૩ કરોડ લોકોને દર વર્ષે રોજગાર આપી શકુ છું: યશવંત સિંહા

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ દેશને રોજગાર સંકટને દૂર કરનાર વડાપ્રધાન રૂપમાં પ્રબળ દાવેદાર ગણાવ્યા

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખતા ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ એકજૂથ થઇ રહેલા વિપક્ષી નેતાઓમાં કોણ સરકાર બનાવવાની સ્થિતિમાં દેશને નેતૃત્વ આપશે, આ સવાલ છેલ્લા કેટલાંક સમયથી ચર્ચાનો વિષય છે.

કોલકાતામાં ૨૨ પક્ષોના ૪૪ નેતાઓની વચ્ચે મમતાના મંચ પર હાજર રહેલા પૂર્વ કેન્દ્રિય મંત્રી યશંવત સિન્હાએ દેશને રોજગાર સંકટને દૂર કરનાર વડાપ્રધાનના રૂપમાં પોતાની જાતને સૌથી પ્રબળ દાવેદાર ગણાવ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના બાગી નેતા અને અટલ બિહારી બાજપેયી સરકારમાં નાણામંત્રી રહેલા યશવંત સિન્હાએ એક ટીવી શો દરમિયાન આ ઇચ્છા જાહેર કરી છે. શોમાં ચર્ચા દરમિયાન યશંવત સિન્હાને સવાલ કરવામાં આવ્યો કે દેશમાં દર વર્ષ ૧.૨ કરોડ રોજગાર પૈદા કરવામાં સૌથી મોટી પડકાર માનવામાં આવી રહ્યો છે, એવામાં તે વડાપ્રધાનના રૂપમાં ક્યા નેતાની અંદર આ ક્ષમતા જોવે છે જે આ મુદ્દાઓને સહજતાથી ઉકેલી શકે. તેના જવાબમાં યશવંત સિન્હાએ કહ્યું કે, રોજગાર સિવાય હું એવું પણ કહીશ કે દેશમાં સુદૂર ગ્રામીણ વિસ્તારો સુધી અમે લાખો કિલોમીટર

આમ આદમી પાર્ટી મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણી નહીં લડે

મુંબઇ

દિલ્હીમાં શાસન કરતી આમ આદમી પાર્ટી (AAP)એ જાહેર કર્યું છે કે તે આગામી લોકસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં પોતાનો કોઈ ઉમેદવાર ઊભો નહીં રાખે. અરવિંદ કેજરીવાલનાં વડપણ હેઠળની AAPનાં રાષ્ટ્રીય પ્રવક્તા પ્રીતિ શર્મા મેનને જણાવ્યું છે કે એમની પાર્ટીએ દેશના ચાર રાજ્યો – પંજાબ, દિલ્હી, હરિયાણા અને ગોવામાં લોકસભાની ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે, પણ મહારાષ્ટ્રમાં ન લડવાનું નક્કી કર્યું છે. મેનને કહ્યું કે હાલને તબક્કે તો અમે નિર્ણય લીધો છે કે મહારાષ્ટ્રમાંથી અમારે ચૂંટણી લડવી નહીં, પરંતુ જો ભાજપને હરાવવામાં મદદરૂપ થશે એવું જો અમને જણાશે તો અમે અમુક સીટ પર ચૂંટણી લડવા વિશે ફેરવિચારણા કરીએ પણ ખરાં.

કોમર્શિયલ કોર્ટે સુનાવણી કરતા ગીત પરનો સ્ટે એક દિવસ સુધી લંબાવાયો

'ચાર ચાર બંગડી વાળી...' ગીત મામલે કિંજલ દવેએ હાઇકોર્ટમાં અરજી કરી

અમદાવાદ

'ચાર ચાર બંગડી વાળી ગાડી'ના મૂળ માલિકી વિવાદ અંગે કોમર્શિયલ કોર્ટે સુનાવણી કરતા ગીત પરનો સ્ટે એક દિવસ સુધી લંબાવી દીધો છે. બીજી તરફ કિંજલ દવે તરફથી સેશન્સ કોર્ટના ચુકાદાને ગુજરાત હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. બુધવારે આ મામલે હાઇકોર્ટમાં વધારે સુનાવણી હાથ કરવામાં આવશે.

'ચાર ચાર બંગડી વાળી ગાડી' ગીતના કોપિરાઇટ મામલે ઓસ્ટ્રેલિયાના યુવક કરફથી કોર્ટમાં કોપિરાઇટનો કેસ દાખલ કરવામાં આવ્યા બાદ કોર્ટે ગાયિકા કિંજલ દવેને જાહેર કાર્યક્રમોમાં આ ગીત ગાવાની મનાઇ ફરમાવી દીધી હતી. સાથે જ કોર્ટે આ ગીતને યુ-ટ્યુબ પરથી ઉતારી લેવાનો પણ આદેશ કર્યો હતો.

આ મામલે આજે કોમર્શિયલ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ ગીત બાબતે કિંજલ દવે, ગીતના લેખક મનુ રબારી અને સરસ્વતી સ્ટુડિયો તરફથી વકીલ મારફતે કોર્ટમાં રજુઆત કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાના યુવક કાર્તિક પટેલે ચાર ચાર બંગડી વાળું ગીતની તેના મૂળ ગીત પરથી નકલ કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

કોર્ટના આદેશ બાદ કિંજલ દવેએ જાહેર કાર્યક્રમોમાં આ ગીત ગાવાનું બંધ કરી દીધું હતું, એટલું જ નહીં યુ-ટ્યુબ પરથી આ ગીતની સામગ્રી હટાવી લેવામાં આવી હતી. જોકે, કિંજલ દવેએ દાવો કર્યો હતો કે આ ગીત તેના તરફથી નહીં પરંતુ સ્ટુડિયોની યુ-ટ્યુબ ચેનલ પરથી અપલોડ કરવામાં આવ્યું છે.

ઓસ્ટ્રેલિયામાં કાઠિયાવાડી કિંગ તરીકે જાણીતા ગુજરાતી યુવકે આ ગીત પર કોમર્શિયલ કોર્ટમાં કોપીરાઈટનો દાવો કર્યો હતો. તેણે કહ્યું છે કે આ ગીત તેણે લખ્યું છે અને ગાયું પણ છે. જેની કિંજલ દવેએ નકલ કરી છે. અરજદારની કંપનીએ કોપીરાઈટ ધારા હેઠળ રજૂઆત કરી છે કે આ ગીત તેણે બનાવી તેનો વીડિયો યુટયૂબ પર વર્ષ ૨૦૧૬માં અપલોડ કર્યો હતો. તેના એક મહિના પછી ગીતમાં થોડા જ ફેરફારો કરી કિંજલ દવે એ આ ગીત ગાયું હતું.

માર્ચના અંત સુધીમાં ૧,૧૧,૦૦૦ કરોડના વાયબ્રન્ટ એમઓયુનો અમલ થશે

ગાંધીનગર

ગાંધીનગર- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું નક્કર કાર્ય કર્યું અને સરકાર દ્વારા જૂઠાણાં ફેલાવામાં આવતાં હોવાના વિપક્ષ કોંગ્રેસની બૂમરાણ વચ્ચે મુખ્યપ્રધાન વિજય રુપાણીએ જાહેર માધ્યમોને સંબોધતાં મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.તેમણે જણાવ્યું હતું કે વાયબ્રન્ટ સમીટ ૨૦૧૯ની ફળશ્રુતિરૂપે જે એમઓયુ થયાં છે તેમાંથી આગામી નાણાકીય વર્ષ ૩૧ માર્ચ ૨૦૧૯ પહેલાં ૧ લાખ ૧૧ હજાર કરોડના રોકાણોના ખાતમુહૂર્ત ઉદઘાટન અને કાર્યારંભ ૪૦૦થી વધુ કંપનીઓ દ્વારા થઇ જશે.

રાજ્ય સરકારે આ માટેની તૈયારીઓ કરી લીધી છે અને કંપનીઓ આડેન્ટિફાય કરી લીધી છે. એમ પણ તેમણે પ્રચાર માધ્યમો સાથેની વાતચીત માં જણાવ્યું હતું. વાયબ્રન્ટમાં માત્ર એમઓયુ જ થાય છે તેવા વિરોધીઓના આક્ષેપ સામે સીએમે જણાવ્યું કે જે ઉદઘાટન થવાના છે તેમાં અગાઉની વાયબ્રન્ટના વિવિધ તબક્કે થયેલા એમઓયુ પણ સાકાર થવાના છે. એટલે આપોઆપ દૂધનું દૂધને પાણીનું પાણી થઇ જશે..

મુખ્યમંત્રીએ કહ્યું કે, વાઈબ્રન્ટ સમિટ સફળતાથી પૂરી થઈ છે. શ્વેતપત્રની વાતો કરનારને આ જવાબ છે. યુપીએની સરકાર ખાડે ગઈ હતી. ૪૦૦થી વધુ કંપનીઓ કાર્યરત થશે. ૨૦૧૯માં જે એમઓયુ થયા છે, તેમાંથી જ આ કંપનીઓ છે. રાજ્ય સરકારે આ માટેની તૈયારીઓ કરી લીધી છે. જે ઉદ્ઘાટન થવાના છે તેમાં અગાઉની વાયબ્રન્ટના વિવિધ તબક્કે થયેલા એમઓયુ પણ સાકાર થવાના છે. એટલે આપો આપ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. વિરોધીઓ સમજતા નથી એટલે જૂની કેસેટ જ વગાડે છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય સચિવ ડો.જે.એન.સિહ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અંરવિદ અગ્રવાલ, સી.એમ.ઓ.ના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન હાજર રહ્યા હતા. મુખ્ય સચિવ ડો જે.એન.સિંહે કહ્યું કે, ગુજરાત ૧૩ થી ૧૭ ના વર્ષ દરમિયાન વધુમાં વધુ પ્રગતિ કરનાર રાજ્ય હતું. ગુજરાત પ્રથમ નંબરે હતું. ગુજરાત સરકાર અને ભાજપના સમયે નાણાંની શિસ્ત ખૂબ સારી રહી છે. દેવું પણ ઓછું રહ્યું અને મોંઘવારી પણ ઓછી રહી છે. નોકરીઓ વધવામાં ગુજરાત નંબર વન રહ્યું છે. વાર્ષિક વૃધ્ધ દર પણ ગુજરાત નંબર વન રહ્યું છે.

ઈવીએમને હેક કરવાના વિવાદ પર મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ચૂંટણી આવે છે ત્યારે જ ઈવીએમની વાત આવે છે.









તંત્રી સ્થાનેથી...

ઈવીએમઃ લોકોના મનમાં શંકા પેદા કરવામાં આવી રહી છે? કાંઈક તો ગરબડ છે દયા...!!

આમ તો ચૂંટણી બ્યૂગલ ચૂંટણી પંચ દ્વારા વાગે છે પરંતુ નેતાઓ દ્વારા બ્યૂગલ વાગ્યા વગર ચૂંટણી પ્રચાર શરુ થઈ ગયો છે. એવામાં ભારતથી હજારો કિમી દૂર હેકર દ્વારા બ્યૂગર વગાડવામાં આવ્યું અને તેનો અવાજ દિલ્હી સુધી સંભળાયો. ભારતીય મૂળના અમેરિકન સાયબર નિષ્ણાંત સૈયર સુજાને શું સૂઝ્યુ કે તેમણે સણસણાટી ભર્યો દાવો કર્યો કે ૨૦૧૪ની ભારતની ચૂંટણીમાં ઈવીએમનું હેકિંગ કરવામાં આવ્યુ હતું તેમણે કેન્દ્રીય મંત્રી ગોપીનાથ મુંડેની એક એક્સિડન્ટમાં થયેલા મોત અંગે દાવો કર્યો કે મુંડે આ હેકિંગ અંગે જાણી ગયા હતા એટલા માટે તેમને મારી નાંખવામાં આવ્યા. આ હેકરે ભાજપ સહિત કોંગ્રેસ,સપા,બસપા આવા બધાના નામ લઈને કહ્યું કે કોંગ્રેસ જે ત્રણ રાજ્યોમાં જીતી છે તે પણ ઈવીએમ હેકથી જીતી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આપ પક્ષ પણ હેકિંગના કારણે જ જીતી જેથી ભાજપ આઈટી સેલ દ્વારા ઈવીએમમાં સેટિંગ કરવામાં આવ્યુ હતુ. તેને આપ પાર્ટીએ પલટાવી નાંખ્યુ જેના કારણે જેટલી બેઠકો ભાજપ જીતનાર હતી એટલી સીટો એટલે કે ૭૦ માંથી ૬૭ બેઠકો આપને મળી.

સીઆઈડી નામના ટીવી સિરિયલમાં એક ડાયલોગ કહેવામાં આવે તો કુછ તો ગરબડ હૈ દયા..!! ચૂંટણી આવતા જ આવા બધા ખુલાસાઓ,ચોંકાવનારા દાવાઓ,હેકરની પ્રેસ કોન્ફરન્સની વાતોમાં નેતા કપિલ સિબ્બલની હાજરી,મુંડેનું મૃત્યુ આ બધુ આ સમયે કહીને હેકર દ્વારા ભારતના ભલાભોળા મતદાતાઓના મનમાં શંકાઓ ઉભી કરવાનું કામ કરી રહ્યું છે...? આ બાબતની તપાસ થવી જોઈએ. ભારતમાં એવી એમની હાલત ગરીબની પત્ની જેવી થઈ ગઈ છે. જે પણ આવે છે ભાભીજી કહીને આનંદ લે છે. છેલ્લા કેટલાક સમયથી ઈવીએમને લઈને કેટલાયે પક્ષોએ હેકિંગ કે ગરબડ થઈ હોવાની ફરિયાદો કરી છે અને દરેક વખતે ચૂંટણીપંચને સફાઈ દેવી પડે છે કે આ બધુ ખોટુ છે બકવાસ છે અને ઈવીએમ સલામ છે. તેમાં કોઈ છેડછાડ થઈ શકતી નથી. પરંતુ લોકોના મનમાં તો સવાલ ઉઠે છે કે આખરે મામલો છે કે શું...? આપ પાર્ટીને કેમ આટલી બધી બેઠકો મળી કે ન મળવી ના જોઈએ...? રાજસ્થાન,મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં જીત્યા પછી ના તો કોંગ્રેસ બોલી કે ના ભાજપા બોલી કે ઈવીએમની તપાસ થાય..!

ભારત વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ છે. સમય સાથે ફેરફાર કરતા કરતા ભારતમાં હવે ઈવીએમથી ચૂંટણીઓ થઈ રહી છે. એવું કહે છે ને કે એક ચુટકી સિંદુર કી કિંમત તુમ ક્યા જાનો રમેશબાબૂ...એજ રીતે એક વોટની કિંમત તમે શું જાણો નેતાબાબૂ...! ચૂંટણીમાં લાખો-કરોડોનો ખર્ચ કરી જ્યારે કોઈ મોટા નેતા ફક્તને ફક્ત એક વૉટથી હારી જાય ત્યારે એક વૉટની કિંમતનું મહત્ત્વ સમજમાં આવે છે. એવામાં ભારતના સામાન્ય મતદાતાઓનો વિશ્વાસ ઈવીએમ ઉપર યથાવત્ રહે એ જોવાની ચૂંટણી પંચની વિશેષ જવાબદારી છે. કેન્દ્ર સરકારે સૈયદ સુજા નામના હેકરની વિરુદ્ધમાં આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ઉચ્ચિત કાર્યવાહી કરવી જોઈએ. નહિ તો એવું થશે કે કોઈ પણ એક એરા ગૈરા નથ્થુ ખેરા પ્રેસ કોન્ફરન્સમાં કહેતા રહેશે કે હદ ઈવીએમ હેક થાય છે..! આનો અંત આવે અને ઈવીએમ ઉપર મતદાતાનો વિશ્વાસ અડગ અને અટલ રહે એ જોવાની ચૂંટણી પંચની ફરજ છે. જેથી કોઈ એણું ના કહે કે કુછ ગરબડ હૈ દયા..!

શ્રી શ્રી શ્રી શિવકુમાર સ્વામીગાલુનું નિધનઃ એક યુગનો અંત આવ્યો

ભારતમાં હિંદુ ધર્મના નામે પોતાની દુકાન ચલાવનારા કહેવાતા ધર્મગુરુઓ ઘણા છે પણ સાચા અર્થમાં જેમણે હિંદુ ધર્મને પચાવ્યો હોય એવા લોકો બહુ ઓછા હોય છે. આપણે ત્યાં અત્યારે જે હિંદુત્વ પ્રચલિત છે તેમાં નૈતિકતા કોરાણે મુકાઈ ગઈ છે ને દંભ વધારે છે. હાલના હિંદુત્વમાં મૂર્તિપૂજા ને પૂજાપાઠ હાવી થઈ ગયાં છે. ધર્મગ્રંથોના નામે બેફામ ઠોકાઠોક કરાય છે ને ગણ્યા ગણાય નહીં એટલાં દેવી-દેવતાઓ છે. આ હિંદુત્વ પૌરાણિક કાળની દેન છે ને પૌરાણિક કાળ બે હજારેક વર્ષ જૂનો છે. એ પહેલાં ભારતમાં વૈદિક કાળ હતો ને વૈદિક કાળનું હિંદુત્વ વર્તમાન હિંદુત્વ કરતાં સાવ અલગ હતું.

વૈદિક કાળમાં વેદો હિંદુત્વનો આધાર હતાં ને વેદોમાં આ ભગવાનને પૂજો કે પેલાં દેવીની અર્ચના કરો એવું કશું નથી. વેદોમાં આપણે કઈ રીતે જીવવું તેની વાત છે ને એ વખતે આપણા ઋષિ-મુનિઓ બાળકોને એ વાતો શીખવતા. પોતાનાં આશ્રમોમાં તેમને શિક્ષણ આપતા ને જિંદગીના સંઘર્ષમાં ટકી શકવા માટે સક્ષમ બનાવતા. આ અસલી હિંદુત્વ છે પણ પૌરાણિક કાળનો પ્રભાવ વધ્યો પછી એ અસલી હિંદુત્વ લુપ્ત થવા માંડ્યું. જો કે કેટલાક ધર્મગુરૂઓએ આજે પણ આ પરંપરા જાળવી રાખી છે ને શ્રી શ્રી શ્રી શિવકુમાર સ્વામીગાલુ આવા જ ધર્મગુરુઓમાં એક હતા. સોમવારે તેમનું નિધન થયું ને એ સાથે જ એક યુગ પૂરો થઈ ગયો.

શિવકુમાર લિંગાયત સંપ્રદાયના સૌથી મોટા મઠ ગણાતા સિદ્ધગંગા મઠના મઠાધિપતિ હતા. તેમની વય ૧૧૧ વર્ષ હતી એ જોતાં એ ભરપૂર જિંદગી જીવ્યા એવું કહી શકાય પણ એ છતાં તેમના યોગદાનને યાદ કરીએ ત્યારે લાગે જ કે, આ માણસ મરવો નહોતો જોઈતો. શિવકુમાર કર્ણાટકમાં લાખોની વસતી ધરાવતા લિંગાયત સમાજના ધર્મગુરુ હતા અને તેમના સમાજ પર ભારે પ્રભાવ ધરાવતા હતા. આ પ્રભાવનો ઉપયોગ તેમણે લિંગાયત સમાજને સુધારવા માટે કર્યો એ તેમનું બહુ મોટું યોગદાન છે. સામાન્ય રીતે હિંદુ ધર્મગુરૂઓ પોતાના મઠનો ઉપયોગ માલ ભેગો કરવા ને માલમલિદા ખાવા માટે કરતા હોય છે. શિવકુમારે પોતાના મઠનો ઉપયોગ લિંગાયત સમાજને જ્ઞાન આપવા અને તેને શિક્ષણમાં સમૃદ્ધ કરવા કર્યો.

આ તો શિવકુમારના યોગદાનનું ટ્રેલર જ છે ને શિવકુમારના યોગદાનની વધારે વાત કરતાં પહેલાં એ જે સમાજ પર પ્રભાવ ધરાવતા હતા એ લિંગાયત સમાજની વાત કરવી જરૂરી છે કેમ કે હિંદુઓમાં આ સમાજ એકદમ અનોખો છે. લિંગાયત હિંદુ ધર્મનો હિસ્સો છે પણ તેના કેટલાક રીતરિવાજો હિંદુ ધર્મના સ્થાપિત રિવાજોથી સાવ અલગ છે. લિંગાયત સમુદાય વરસોથી વૈદિક ધર્મનું પાલન કરતો હતો, પરંતુ પૌરાણિક પરંપરાનો પ્રભાવ વધ્યો પછી વૈદિક પરંપરા ઘટવા માંડી. પૌરાણિક પરંપરાના કારણે મૂર્તિપૂજા વધી ને ધર્મના નામે શોષણ શરૂ થયાં. ધર્મના નામે ઢગલાબંધ કુરિવાજો પણ પ્રચલિત થયા. હિંદુ ધર્મમાં મૂળ તો માણસ તેના કામના આધારે ઓળખાતો પણ પૌરાણિક કાળમાં જન્મના આધારે માણસની જ્ઞાતિ નક્કી થવા માંડી.

બારમી સદીમાં સમાજ સુધારક બાસવન્નાએ કુરિવાજો સામે ઝુંબેશ ચલાવવા લિંગાયત સમુદાયની સ્થાપના કરી. ભગવાન બાસવેશ્વરા તરીકે ઓળખાતા બાસવન્નાનું કહેવું હતું ,કે લોકોને તેમના જન્મના આધારે નહીં, પરંતુ કામના આધારે વહેંચવા જોઈએ. બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા બાસવન્નાએ મૂર્તિપૂજા સામે અવાજ ઉઠાવ્યો અને એ વખતના શિક્ષણને માનવાનો ઈનકાર કર્યો. લિંગાયત સમુદાય ભગવાન શિવની પૂજા નથી કરતો, પરંતુ પોતાના શરીર પર ઈષ્ટલિંગ ધારણ કરે છે. ઈષ્ટલિંગ લંબગોળાકારનું હોય છે જેને દોરા વડે બાંધવામાં આવે છે. લિંગાયત લોકો ઈષ્ટલિંગને આંતરિક ચેતનાનું પ્રતીક માને છે.

લિંગાયત પરંપરામાં મૃત્યુ બાદ શરીરના અગ્નિસંસ્કાર નથી કરાતા, પરંતુ દફનાવવામાં આવે છે. મૃતદેહને બે પ્રકારે દફનાવવાની પરંપરા છે. પહેલી રીતમાં મૃતદેહને બેસાડીને અને બીજી રીતમાં મૃતદેહને સૂવડાવીને દફનાવાય છે. મૃતકને કેવી રીતે દફનાવવો એની પસંદગી મૃતકનો પરિવાર કરે છે. લિંગાયત પરંપરામાં મૃતદેહને સ્નાન કરાવીને બેસાડી દેવામાં આવે છે અને પછી મૃતદેહને કપડા કે લાકડીના આધારે બાંધી દેવામાં આવે છે. કોઈ વયોવૃદ્ધ લિંગાયતનું નિધન થાય તો તેના મૃતદેહને સજાવીને ખુરશી પર બેસાડવામાં આવે છે અને પછી ખભે ઊંચકવામાં આવે છે. આ પ્રક્રિયાને વિમાન બાંધવું કહે છે. ઘણાં સ્થળોએ લિંગાયત સમુદાયના અલગ કબ્રસ્તાન પણ હોય છે.

કર્ણાટકમાં લિંગાયત સમાજનો પ્રભાવ વધ્યો પછી તેનાં ધર્મસ્થાનો પણ ઊભાં થયાં. સિદ્ધગંગા મઠ તેમાંથી એક છે ને તેની સ્થાપના ૧૫મી સદીમાં થયેલી. થોન્તાડા સિદ્ધસિંગેશ્વર આ મઠના પહેલા મઠાધિપતિ ગણાય છે પણ તેના સ્થાપક ગોસાલા સિદ્ધેશ્વર હતા. લિંગાયત સંપ્રદાયનો પ્રસાર કરવા તેમણે આ મઠની સ્થાપના કરેલી. સિદ્ધેશ્વર લિંગાયત સંપ્રદાયમાં સર્વોચ્ચ મનાતી હરદનહલ્લીની નિરંજન જગદગુરૂ પરંપરામાં પંદરમા પીઠાચાર્ય હતા. સિદ્ધેશ્વર પોતાના અનુગામીને ગાદી સોંપી અને પોતે ૧૦૧ અનુયાયીઓ સાથે શિવગંગા જતા રહ્યા. શિવગંગાથી એ કેતા સમુદ્ર તરીકે ઓળખાતા પર્વતની તળેટીમાં એ જઈને રહ્યા. પોતાના અનુયાયીઓ માટે તેમણે ૧૦૧ ગુફાઓ બનાવેલી કે જેથી એ લોકો શાંતિથી ભણી શકે ને ધ્યાન કરી શકે. તેમણે સિદ્ધગંગામાં મઠ સ્થાપ્યો. એવી લોકવાયકા છે કે, એક વાર એક વૃદ્ધ અનુયાયીને બહુ તરસ લાગી હતી પણ પાસે પાણી નહોતું. સિદ્ધેશ્વરે પાસે પડેલા ખડક પર મુક્કો માર્યો ને તેમાંથી પાણી ફૂટી નીકળ્યું. આ ખડકમાંથી નીકળેલા પવિત્ર પાણીને સિદ્ધગંગા નામ અપાયું ને તેના કારણે આ સ્થળનું નામ પણ સિદ્ધગંગા પડી ગયું. આજે પણ આ ખડકમાંથી પાણી નીકળે છે ને લોકો માને છે કે આ ચમત્કારી પાણી પીવાથી બધા રોગ દૂર થઈ જાય છે. સિદ્ધગંગા મઠ પછી ચાલ્યા કરતો ને લિંગાયત સંપ્રદાયની પરંપરાઓનું જતન કરતો. એ વખતે તેની પ્રવૃત્તિઓ બીજા મઠો જેવી જ હતી પણ ઓગણીસમી સદીમાં શ્રી અતવિશ્વરા સ્વામીગાલુ મઠાધિપતિ બન્યા ને તેમણે આ મઠને સમાજ સુધારણાનું કેન્દ્ર બનાવ્યો. તેમણે આ મઠને શિક્ષણનું કેન્દ્ર બનાવવાની શરૂઆત કરી. સાથે સાથે ભૂખ્યાં લોકોને ભોજન મળે તે માટે અન્નક્ષેત્ર પણ શરૂ કર્યું. તેમના પછીના મઠાધિપતિઓએ આ પરંપરાને આગળ ધપાવી પણ ઓગણીસમી સદીમાં આવેલા શ્રી શ્રી ઉદ્દાલા શિવયોગીગાલુએ ક્રાંતિકારી પગલાં ભર્યાં. તેમણે આ મઠમાં આધુનિક શિક્ષણ આપવાની શરૂઆત કરી.

શ્રી શ્રી શ્રી શિવકુમાર તેમના પછી ૧૯૩૦માં મઠાધિપતિ બન્યા. તેમણે પોતાના ગુરુની ક્રાન્તિને આગળ જ ના ધપાવી પણ ગુરુ કરતાં સવાયા સાબિત થયા. તેમણે સિદ્ધગંગા મઠમાં એજ્યુકેશન સોસાયટી સ્થાપીને નવા જમાનાને અનુરૂપ શિક્ષણ આપવા માંડ્યું. ટુમકુર જિલ્લામાં આવેલો આ મઠ એક ગામ જેવડો મોટો છે. આ મઠમાં સાડા છ હજાર લોકો રહે છે. તેમાંથી મોટા ભાગના પુરૂષો છે. આ મઠની સાથે વિશાળ શૈક્ષણિક સંકુલ આવેલું છે ને આસપાસનાં ગામોમાંથી હજારો વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંકુલમાં ભણવા આવે છે. આ વિદ્યાર્થીઓ ગરીબ પરિવારોનાં હોય છે. તેમની પાસેથી એક રૂપિયો ફી નથી લેવાતી. બલ્કે તેમને પુસ્તકોથી માંડીને બધી સગવડો મઠ આપે છે ને દિવસમાં ત્રણ વાર ખાવાનું આપે છે. આ સિવાય ગામમાં એક ગુરૂકુળ છે ને તેમાં સાડા આઠ હજાર વિદ્યાર્થીઓ રહે છે. કોઈ પણ ધર્મ, જ્ઞાતિ, કે સંપ્રદાયના ભેદભાવ વિના તમામ બાળકોને પ્રવેશ મળે છે ને મફત શિક્ષણ, ભોજન ને આશ્રય અપાય છે. ભારતમાં બીજો કોઈ ધર્મગુરૂ આટલું મોટું ગુરૂકુળ નથી ચલાવતા. તેમના શિક્ષણ સંકુલમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની કોલેજો તો ચાલે જ છે પણ એન્જિનિયરિંગ કોલેજ પણ ચાલે છે. જો કે શિવકુમારે પોતાની પ્રવૃત્તિ પોતાના મઠ પૂરતી મર્યાદિત ના રાખી. તેમણે સમગ્ર કર્ણાટકમાં પોતાની પ્રવૃત્તિઓને વિસ્તારી અને આજે આખા કર્ણાટકમાં સિદ્ધગંગા મઠનાં ૧૩૦ એજ્યુકેશન સંકુલ ચાલે છે. આ બધાં સંકુલ તોતિંગ છે ને બધે પહેલા ધોરણથી શરૂ કરીને એન્જિનિયરિંગ સુધીનું શિક્ષણ અપાય છે. તેના માટે કોઈ ફી નથી લેવાતી ને બધું માત્ર સેવાભાવનાથી ચાલે છે. શિવકુમારે પોતાના મઠમાં બીજી પણ પહેલ કરી અને મોટી ક્રાંતિ કરી નાખી. તેમણે ખેડૂતો આધુનિક ઢબે ખેતી કરતા થાય એ માટે તેમને ખેતીના પાઠ ભણાવવા માંડ્યા ને દર વર્ષે મઠમાં કૃષિ મેળો યોજે છે. આ કૃષિ મેળામાં ખેડૂતોને તાલીમ તો અપાય જ છે પણ નવા પ્રયોગ કરવા માટે તમામ પ્રકારની આર્થિક સહાય પણ અપાય છે. શિવકુમાર હિંદુ ધર્મની અસ્સલ ઋષિ પરંપરાના માણસ હતા ને તેમના નિધનથી બહુ મોટી ખોટ પડી છે. આપણા ધર્મગુરૂઓ બીજી બધી કડાકૂટ છોડીને તેમની પાસેથી પ્રેરણા લે તો આ દેશ બહુ સુધરી જાય. વરસો પહેલાં તેમને ભારતરત્ન આપવાની માંગ થયેલી પણ આપણે ત્યાં એવૉર્ડ આપવામાં બહુ ઘાલમેલ થાય છે તેથી તેમને એ એવૉર્ડ ના મળ્યો. મળ્યો હોત તો એવૉર્ડનું ગૌરવ વધ્યું હોત.

વડાપ્રધાને વારાણસીમાં પ્રવાસી ભારતીય દિવસનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું


રાજીવ ગાંધીના જમાનામાં થતી ૮૫ ટકા લૂંટ બંધ કરીઃ પીએમ મોદી

કાશીની જેમ પ્રવાસી ભારતીય પણ વિશ્વને આપણાં જ્ઞાનથી પરિચિત કરાવે છે,૫ લાખ ૮૦ હજાર કરોડ રૂપિયા લોકોનાં ખાતામાં ટ્રાંસફર કર્યા,અમે દુનિયાના વિચાર બદલી દીધાઃ મોદી

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તર પ્રદેશના વારાણસીમાં ચાલી રહેલા પ્રવાસી ભારતીય દિવસના ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. આ પહેલી વખત છે જ્યાં તેનું આયોજન વારાણસીમાં કરવામાં આવી રહ્યું છે. સોમવારે વિદેશ મંત્રી સુષમા સ્વરાજ અને ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથની આગેવાનીમાં 'યુવા પ્રવાસી ભારતીય દિવસ'ની શરૂઆત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મૉરીશસના વડાપ્રધાન પ્રવીણ જગન્નાથ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે, હું એક વડાપ્રધાનના રૂપ સિવાય કાશીનો સાંસદ હોવાના નાતે હું તમારું સ્વાગત કરું છું. તે દરમિયાન તેમણે ટુમકુરના સિદ્ધગંગા મઠના સ્વામીના નિધન પર ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આ સંમેલનની શરૂઆત અટલજીએ કરી હતી, પરંતુ તેમના ગયા પછી પહેલી વખત આ કાર્યક્રમનું સ્વાગત થઈ રહ્યું છે. PMએ વધુમાં કહ્યું કે, બહાર રહીને તમે તમામ દેશની શક્તિઓને દુનિયાને જણાવી રહ્યા છો, તમે લોકો ભારતના બ્રાન્ડ



એમ્બેસેન્ડર છો.

આજે દુનિયાના ઘણા દેશોના પ્રમુખ એવા લોકો છે જેના મૂળ ભારતમાં છે. તેમણે કહ્યું કે, પહેલા લોકો કહેતા હતા કે ભારત બદલાઈ ના શકે, પરંતુ આપણે આ વિચારને બદલી નાખ્યો છે. આજે ભારત અનેક મામલાઓમાં દુનિયાની આગેવાની કરી રહ્યું છે. તે દરમિયાન વડાપ્રધાને પોતાના કાર્યકાળ દરમિયાન તેમની સરકાર દ્વારા ચલાવવામાં આવેલી યોજનાઓને જણાવી અને સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી.

PMએ વધુમાં કહ્યું કે, એક પૂર્વ વડાપ્રધાન (રાજીવ ગાંધી)એ કહ્યું હતું કે, જો સરકાર એક રૂપિયા મોકલે છે તો ૧૫ પૈસા જ ગામમાં પહોંચે છે. જે પાર્ટીએ ઘણા વર્ષો સુધી રાજ કર્યું, તે પાર્ટીના વડાપ્રધાન પણ કંઈ કરી શક્યા નહીં, અમારી સરકારે ટેકનિકનો ઉપયોગ કરી આ લૂંટને ખતમ કરી નાખી હતી. હવે અમે સબસીડીનો તમામ હિસ્સો સીધા બેંક એકાઉન્ટ મારફતે લોકો સુધી પહોંચાડીએ છીએ. જો અમે જૂની નીતિથી પહોંચાડવાનું ચાલું રાખ્યું હોત તો ૪.૫ લાખ કરોડથી વધારેની સંપત્તિની લૂંટ થઈ જાત. તેમણે કહ્યું કે, કોંગ્રેસની સરકારોમાં કામ કરવાની નિયત કોઈનામાં નહોતી.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, હું તમને વધુ એક આંકડો આપું છું, છેલ્લા સાઢા ચાર વર્ષમાં અમારી સરકારે લગભગ ૭ કરોડ એવા બોગસ લોકોની ઓળખ કરીને તેમને વ્યવસ્થામાંથી હટાવવામાં આવ્યા છે. આ ૭ કરોડ લોકો તે હતા, જે ક્યારેય તેમનો જન્મ જ થયો નહોતો, તે વાસ્તવમાં હતા જ નહીં, તેમણે કહ્યું કે, આ ૭ કરોડ લોકો સરકારી સુવિધાઓનો લાભ લઈ રહ્યા હતા. તમે વિચારો, આખા બ્રિટેનમાં, ફ્રાંસમાં, ઈટલીમાં જેટલા લોકો છે, એવા અનેક દેશોની જનસંખ્યાથી વધારે તો આપણા ત્યાં તે લોકો હતા. જે માત્ર કાગળો ઉપર જીવી રહ્યા હતા અને કાગળોમાં જ સરકારી સુવિધાઓનો લાભ લઈ રહ્યા હતા.

પાસપોર્ટની સાથે સાથે વિઝા સાથે જોડાયેલા નિયમોને પણ સરળ કરવામાં આવી રહ્યા છે. e-VISAની સુવિધા મળવાથી તમારા સમયની બચત પણ થઈ રહી છે અને મુશ્કેલીઓ પણ ઓછી થઈ છે. અત્યારે પણ જો કોઈ સમસ્યાઓ તેમાં છે તો તેના સુધાર માટે આ કદમ ઉઠાવવા આવી રહ્યું છે.

દેશમાં તમામ મદ્રેસાઓ બંધ કરો નહી તો ISનો પ્રભાવ વધશેઃ વસીમ રિઝવી

લખનૌ

શિયા વક્ફ બોર્ડના અધ્યક્ષ વસીમ રિઝવીએ દેશમાં ચાલી રહેલા પ્રાથમિક મદરેસાઓને બંધ કરાવવા માટે PM નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યુ છે કે જલ્દી જ પ્રાથમિક મદરેસા બંધ ના થયા તો ૧૫ વર્ષ બાદ અડધાથી વધારે મુસલમાન ISISની વિચારધારાના સમર્થક થઈ જશે.

વસીમ રિઝવીએ પત્રમાં લખ્યુ કે સમગ્ર દુનિયામાં એ જોવા મળી રહ્યુ છે કે કોઈ પણ મિશન ચલાવવા માટે બાળકોને નિશાન બનાવવામાં આવે છે અને આ સમયે દુનિયામાં ISIS એક ખતરનાક આતંકી સંગઠન છે. ધીમે-ધીમે દુનિયામાં મુસ્લિમ આબાદીવાળા વિસ્તારમાં પોતાની પકડ બનાવવા જઈ રહ્યા છે.

મદરેસામાં ઈસ્લામિક તાલીમ આપનાર બાળકોને આર્થિક મદદ પહોંચાડીને ઈસ્લામિક શિક્ષણના નામે તેમને બીજા ધર્મોથી કાપવામાં આવી રહ્યા છે અને સામાન્ય શિક્ષાથી દૂર કરવામાં આવી શકે છે. ગ્રામીણ વિસ્તારમાં ચાલી રહેલા પ્રાથમિક મદરેસા દાનની લાલચમાં આપણા બાળકોનુ ભવિષ્ય ખરાબ કરી રહ્યા છે.

તેમણે પત્રમાં લખ્યુ છે કે દેશ હિતમાં અને મુસ્લિમ બાળકોના સારા ભવિષ્યના હિતમાં દેશમાં ચાલી રહેલા પ્રાથમિક મદરેસાને બંધ કરવામાં આવશે, સાથે જ હાઈસ્કુલ પાસ કર્યા બાદ જો બાળકો સ્વયં ધર્મ પ્રચારની તરફ જવા ઈચ્છે છે તો તે મદરેસામાં પ્રવેશ લઈ શકે છે.

વનમંત્રી ગણપતસિંહ વસાવાની જાહેરાત

માંગરોળમાં જવાહર નવોદય વિદ્યાલય અને આદર્શ નિવાસી શાળા શરૂ કરાશે

બે અદ્યતન હોસ્ટેલ પણ સાકાર કરવામાં આવશે

સુરત

'માંગરોળ તાલુકામાં રૂ.૨૫ કરોડના ખર્ચે જવાહર નવોદય વિદ્યાલય અને રૂ.૨૨ કરોડના ખર્ચે આદર્શ નિવાસી શાળાનું નિર્માણ થશે એમ રાજ્યના વન, આદિજાતિ વિકાસ, પ્રવાસન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આજે સુરત જિલ્લામાં ઉમરપાડા અને માંગરોળ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં રૂ.૧.૨૦ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરતી વેળાએ જાહેરાત કરતાં જણાવ્યું હતું. તેમણે ઉમરપાડા તાલુકામાં રૂ.૧૮ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સજજ બે હોસ્ટેલ અને નવા ત્રણ ફ્રૂ કેવી સબ સ્ટેશન બનાવવાના કાર્યનો પણ શુભારંભ કરાશે એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીના હસ્તે સંપન્ન થયેલા વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત અંતર્ગત ઉમરપાડા તાલુકામાં રૂ.૮૫ લાખના ખર્ચે તૈયાર થયેલ વેલાવી-આંબા રોડ તેમજ રૂ.૨૯ લાખના ખર્ચે ચારણી બસ સ્ટેશનથી નદી તરફ જતા રોડનું લોકાર્પણ તથા ચારણી ગામે રૂ.૧૦ લાખના ખર્ચે ગ્રામપંચાયતના મકાનનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જયારે માંગરોળ તાલુકામાં રૂ.૭૫ લાખના ખર્ચે ઘોડબાર ગામે ખાખરી ફળિયાથી પ્રાથમિક શાળા થઈ પટેલ ફળિયા સુધીના રોડ, રૂ.૮૧ લાખના ખર્ચે સણધરા ગામે નદી ઉપર પૂલ/ કોઝવે, રૂ.૧.૨૦ લાખના ખર્ચે વસરાવી-ચાંદણીયા-કંસાલી રોડનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર માળખાકીય સુવિધાઓ ઝડપથી ઉપલબ્ધ કરવા પ્રતિબદ્ધ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ સહિત સ્થાનિક સુવિધાઓ મળી રહે તે દિશામાં સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમરપાડા તાલુકામાં પીવાના પાણી માટેની રૂ.૨૫૫ કરોડની મહત્વાકાંક્ષી ઉમરપાડા માંડવી અને માંગરોળ તાલુકાના ખેડૂતોની જીવાદોરી સમાન કાકરાપાર-ગોરધા-વડને જોડતી ઉદ્વવહન સિંચાઈ યોજના ઉમરપાડા વિસ્તારના પ્રજાજનો માટે આશીર્વાદરૂપ બની છે. જે ગ્રામજનોને પીવાના પાણી માટે પણ ખૂબ લાભદાયી થશે. મંત્રીશ્રીએ પોતાની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ઉમરપાડાના ૩૪ ગામોને દરેક ગામ ટેન્કર ફાળવવામાં આવ્યા હોવાની વિગતો આપી હતી. તેમણે આયુષ્માન ભારત યોજના, આંગણવાડીના બાળકો માટેની તંદુરસ્તીની પહેલરૂપ દૂધ સંજીવની યોજનાથી માહિતગાર કર્યા હતા.આ પ્રસંગે જિલ્લા પંચાયત પાણી સમિતિના અધ્યક્ષશ્રી શ્યામસિંગ વસાવા, ઉમરપાડા તાલુકા પંચાયતના પ્રમુખ દરિયાબેન વસાવા, ઉપપ્રમુખ ગંભીરભાઈ, સુમુલ ડેરીના ચેરમેનશ્રી રાજુભાઈ પાઠક સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ઈચ્છાનાથ સ્થિત એવીએનઆઈટીમાં પી.એચડી, એમ.ટેક સહિતનો ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ફેલોશિપમાં ૮૦ ટકાનો વધારાની માગણી સાથે આજે રેલી યોજી હતી. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા આજે રાષ્ટ્રીય સ્તરે આંદોલન કરવામાં આવતા સુરતની ઈન્સ્ટિટયૂટના વિદ્યાર્થીઓએ પણ રેલી યોજી હતી.

ફેલોશીપમાં ૮૦ ટકા વધારો કરવાની માગ સાથે એસવીએનઆઈટીના વિદ્યાર્થીઓની રેલી

સુરત

એસવીએનઆઈટીમાં આજે સવારે પીએચડી અને એમ.ટેકના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટાઈપેન્ડ અને ફેલોશીપમાં વધારાની માગ સાથે રેલી યોજી મેનેજમેન્ટ અને સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. દેશની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આજે રેલી યોજાઈ હતી. એસવીએનઆઈટીનો વિદ્યાર્થી અંકિત શાહના જણાવ્યા અનુસાર દેશની તમામ આઈઆઈટી જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પી.એચડી અને એમ.ટેકના વિદ્યાર્થીઓને આપવામાં આવતુ સ્ટાઈપેન્ડ અનેડ ફેલોશિપમાં દર ચાર વર્ષે વધારો કરવામાં આવતો હોય છે. ૨૦૧૦ અને ૨૦૧૪માં સ્ટાઈપેન્ડ અને ફેલોશિપમાં વધારો થયો હતો તે મુજબ ૨૦૧૮માં વધારો થઈ જવો જોઈતો હતો. આજે ૨૦૧૯ની શરૂઆત થઈ હોવા છતાં મેનેજમેન્ટ કે ગવર્નમેન્ટ દ્વારા સ્ટાઈપેન્ડ ફેલોશિપમાં વધારો કરવામાં આવ્યો નથી આજે સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી એસવીએનઆઈટી કેમ્પસમાં સીઆરસી કોમ્પલેક્ષથી મેઈનગેટ સુધી વિદ્યાર્થીઓ દ્વારા શાંતિપૂર્વક રેલી યોજી મેનેજમેન્ટનું ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો હતો. એસવીએનઆઈટીમાં પીએચડી એમ.ટેકના આશરે ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે તે પૈકી રેલીમાં ૨૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૨૦૧૪થી ૨૫૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ ફેલોશિપની ચૂકવણી થાય છે જેમાં આજની તારીખે મોંઘવારી અને ફૂગાવો જોતા વિદ્યાર્થીઓ દ્વારા ૫૦૦૦૦ રૂપિયા સુધી સ્ટાઈપેન્ડ ફેલોશિપની માંગણી કરવામાં આવી છે. સમગ્ર દેશમાં આજે વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજીને સરકારને ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો હતો. જેના ભાગરૂપે આજે સુરતની એસવીએનઆઈટીમાં પણ રેલી યોજવામાં આવી હતી.

વેસ્ટઝોન આંતર યુનિ. મહિલા ક્રિકેટ ટીમમાં નિકિતા ભુવાની પસંદગી

નાગપુર ખાતે તા.૩૦'મીથી ક્રિકેટ મેચ શરૂ થશે

સુરત

આગામી ૩૦ જાન્યુઆરીથી નાગપુર ખાતે યોજાનારી વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી વિમેન્સ ક્રિકેટ સ્પર્ધા માટે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ.ની ૧૬ ખેલાડીઓની ટીમમાં વનિતા વિશ્રામની નિકિતા ભુવાની પસંદગી વિકેટ કીપર અને જમણેરી બેટર તરીકે કરવામાં આવી છે.ેમ વનિતા વિશ્રામ સપોર્ટસ કોમ્પ્લેક્ષના મહિલા ક્રિકેટ કોચ કુસમ પાંડે જણાવે છે.

નાગપુર ખાતે ટીમ જોડે કોચ તરીકે જનારા કેતન પટેલના જણાવ્યા મુજબ હાલ ૧૬ ખેલાડીઓને વિશેષ તાલીમ અપાઈ રહી છે. આ ખેલાડીઓની પસંદગી કેતન પટેલ ઉપરાંત અશોક શાહ, નિષિદ દેસાઈ, રૂતેષ દેસાઈ તથા વલસાડના મહેશ પટેલે કરી હતી. વનિતા વિશ્રામની શેઠ પી.ટી. મહિલા કોલેજની વિદ્યાર્થીની નિકિતા ભુવાની પસંદગી યુનિવર્સિટી ટીમમાં થવા બદલ આચાર્યા, ખુશમનબેન ઢોલાવાલા તથા સંસ્થાના માનદ સેક્રેટરી હરેશભાઈ મહેતા સહિતના પદાધિકારીઓએ અભિનંદન પાઠવવાની સાથોસાથ શુભેચ્છા પાઠવી હતી.

મોટા વરાછા- ઉતરાણ બ્રિજ પર બેફામ દોડતી કારે ચાર બાઈકોને અડફેટે લીધી

સુરત

ગત મોડી રાત્રે મોટા વરાછા ઉતરાણ બ્રિજ ઉપર એક કાર ચાલકો આગળ ચાલતી ૪ બાઈકને અડફેટે લઈ દુર્ઘટના સર્જી હતી. અકસ્માત બાદ કાર મૂકી ચાલક નાસી છૂટયો હતો. અન્ય બાઈક સવાર ૩ લોકો ઘવાતા ૧૦૮ દ્વારા સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત મોડી રાત્રે મોટા વરાછા-ઉતરાણ બ્રિજ ઉપર આઈ-૨૦ કાર ચાલકે આગળ ચાલતી ૪ બાઈકને એક પછી એક અડફેટે લઈ અકસ્માત સજર્યો હતો. અકસ્માતગ્રસ્ત બાઈક સવાર કારના બોનટ પર પટકાયા હોવા છતાં ચાલકે કાર થોભાવી ન હતી. ફિલ્મી ઢબે અકસ્માત સર્જી ચાલક કાર ભગાડતો હતો તે દરમિયાન ડિવાઈડર સાથે ભટકાયા બાદ કાર થોભી હતી. દુર્ઘટનાની ગંભીર સમજી સ્થળ ઉપર જ કાર છોડીને ચાલક નાસી છૂટયો હતો. બનાવની જાણ થતા જ અમરોલી પોલીસ અને ૧૦૮ની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. દુર્ઘટનાગ્રસ્ત બાઈકને મોટુ નુકસાન થયું છે. જ્યારે બાઈક સવાર લોકોને માથામાં હાથ પગના ભાગે ઈજા થતા તેઓને ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે અમરોલી પીએસઆઈ વળવી વધુ તપાસ કરી રહ્યા છે.

રમતગમત સંકુલ ખાતે ઝુમ્બા એરોબિકસ અને ફલોર એકસસાઈઝ કેમ્પ યોજાશે

નવસારી

નવસારી નગરપાલિકા સંચાલિત પંડિત દિનદયાલ ઉપાધ્યાય રમતગમત સંકુલ લુન્સીકુઈમાં તા.૧/૨/૨૦૧૯ થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ઝુમ્બા એરોબિકસ અને ફલોર એકસસાઈઝ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩ દિવસ ઝુમ્બા એરોબિકસ અને ૩ દિવસ એકસસાઈઝની બેચો ચાલશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. કેમ્પનો સમય સવારે ૬-૦૦ થી ૭-૦૦ અને સાંજે ૭-૦૦ થી ૮-૦૦ એમ બે બેચો ચાલશે. બંને જનરલ બેચો ચાલશે. ફલોર એકસસાઈઝમાં ફંકશનલ ટ્રેનિંગ, તબાટા ટ્રેનીંગ, હીટવર્કઆઉટ કરાવવામાં આવશે. કેમ્પ અંગે વધુ માહિતી માટે ઈલીયાસ શેખ મો.નં-૮૪૬૯૪૮૧૨૩૫, સંજય પ્રજાપતિ મો.નં-૯૯૧૩૩૬૧૦૦૧ અને પ્રભાત ચૌહાણ મો.નં-૯૯૧૩૮૫૭૭૧૦ તેમજ રમતગમત સંકુલનો રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

ઓલ ઈન્ડિયા મહિલા ક્રિકેટ એસો.માં જોઈન્ટ સેક્રેટરી ગૌતમભાઈ શાહની અનોખી હેટ્રીક

સુરત

તાજેતરમાં જ ઓલ ઈન્ડિયા મહિલા ક્રિકેટ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાઈ હતી. જેમાં ભારતના વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભા દરમિયાન જ ગુજરાત મહિલા ક્રિકેટ એસોસિએશનના ધારીણીબેન શુકલા સતત બીજી ટર્મ માટે ઉપપ્રમુખ પદે તથા ગૌતમભાઈ શાહ સતત ત્રીજી ટર્મ માટે જોઈન્ટ સેક્રેટરી તરીકે સર્વાનુમતે પસંદગી પામ્યા હતા. આમ ગૌતમભાઈ શાહે અનોખી હેટ્રીક સર્જી હતી. ધારીણીબેન તથા ગૌતમભાઈને ગુજરાત મહિલા ક્રિકેટ એસો.ના પ્રમુખ સુરૂદભાઈ પટેલ તથા અન્ય પદાધિકારીઓએ અભિનંદન આપવાની સાથોસાથ શુભેચ્છા પણ પાઠવી હતી. ગુજરાતની ગર્લ્સ તથા મહિલા ક્રિકેટર્સને ગૌતમભાઈ સતત પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા સરથાણામાં વધુ એક સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

કાર્યક્રમમાં ૧૮૦૦ થી વધુ લાભાર્તીઓ નોંધાયા

સુરત

રાજ્ય સરકાર દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાનો પ્રશ્નોનો ન્યાયિક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી સકાય તે હેતુસર તા.૨૧-૧-૨૦૧૯ના રોજ સવારે ૯.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન સરથાણા કોમ્યુનિટી હોલ સરથાણા જકાતનાકા નાના વરછા સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કરતા સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન અનિલભાઈ ગોપલાણીએ જણાવ્યું કે રાજ્ય સરકાર સતત લોકોને સુખી અને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહી છે. લોકોની વિવિધ યોજનાઓ તથા તેના લાભ લેવા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની મુશ્કેલીને સમજ લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી એવી રાજ્ય સરકાર સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોને સરળતાથી એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભ મળી રહે તેવુ આયોજન કર્યું છે. વધુમાં ચેરમેને જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના સુવ્યવસ્થિત આયોજન થકી અત્યાર સુધીમાં ચાર તબક્કામાં ૧,૨૫૦૦૦ થી વધુ લોકોને વિવિધ સેવાનો લાભ અપાવી રાજ્યભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલા કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બિરદાવી હતી.

ડિમોલીશન દરમિયાન મહિલાની તબિયત લથડતા હોસ્પિટલ ખસેડાઈ

સુરત

ભટાર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં મનપાની ટીમ ડિમોલીશન કરવા પહોંચી હતી. જેમાં એક નવનિર્મિત બિલ્ડીંગના ડિમોલીશન દરમિયાન મહિલાની તબિયત લથડી હતી. જેથી મહિલાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

ભટાર વિસ્તારમાં આવેલા આઝાદ નગર રોડ પર ભારતી આદિજાતિ કામદાર સોસાયટીમાં ૭૩ એએની જમીન પર બાંધકામનું ડિમોલીશન કરવા સુરત મનપાની ટીમ સ્થળ પટ પહોંચી હતી. જ્યાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના નવનિર્મિત બાંધકામનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. ડિમોલીશન દરમિયાન મહિલાની તબિયત લથડી હતી. અને મહિલાને ચક્કર અને પ્રેસર વધી જતાં ઘટના સ્થળે મહિલા જમીન પર ઢાળી પડી હતી. પરિવારજનો દ્વારા મહિલાને તાત્કાલિક સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પરિવારજનોએ આરોપ મૂકતા જણાવ્યું હતું કે, ભાજપના સ્થાનિક કોર્પોરેટર અને સોસાયટીના પ્રમુખ ના મેળાપીપળામાં ડિમોલીશન કરવામાં આવ્યું છે. સોસાયટીમાં કુલ ૧૩૦ મકાનો આવેલા છે.વર્ષોથી સોસાયટી અહીં સ્થાયી છે. સોસાયટીના પ્રમુખનું જ મકાન ત્રણ માળનું હોવા છતાં ડિમોલિશનના નામે મીંડું છે.

માતાની બે જમીનનો એક માત્ર માલિક બની બેઠેલા દિકરા વિરૂદ્ધ ફરિયાદ

સુરત

કામરેજ-ઘલા ગામ ખાતે આવેલી તલાટી કમ મંત્રીની ઓફિસમાં માતાની બે જમીનોમાં બહેનો તથા એક ભાઈનું નામ વારસાઈમાંથી કાઢી પોતે એકલા જ વારસદાર હોય તેવી રીતે ખોટું પેઢીનામું બનાવનાર પુત્ર સામે પાવર ઓફ એટર્નીના ધારકે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરતા પોલીસે ગુનો નોંધી કેનેડા ખાતે ભાગી ગયેલા પુત્રની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. જોકે, એક જ ગામમાં આવેલી જમીનોમાં બ્લોક નંબર ૮૫ તથા ૧૨૮માં ખોટું પેઢીનામું અને બ્લોક નંબર ૯૧માં ખરૂ પેઢીનામું બનાવાયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

કામરેજ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોકબજાર સીંધીવાડ સલીમ મંઝીલ ખાતે ઈરફાન ઈસ્માઈલ સીલ્કવાળા રહે છે. ઈરફાન સીલ્કવાળા કાપડની દલાલી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના મોટાભાઈ નૂરમહંમદ સીલ્કવાળા દક્ષિણ આફ્રિકા રહે છે. તેઓના સંપર્કમાં દક્ષિણ આફ્રિકા ખાતે રહેતા ફઝીલાબેન આવ્યા હતા તેઓએ દક્ષિણ આફ્રિકાથી જમીન બાબતનો વહીવટ પાવર ઈરફાનભાઈ સીલ્કવાળાના નામનો બનાવી આપ્યો હતો. કામરેજ ઘલા ગામ ખાતે આવેલી બ્લોક નંબર ૮૫-૯૧-૧૨૮ તથા ૧૩૦ નંબરની જમીન સંયુક્ત નામે છે. જેમાં બ્લોક નં.૮૫ની જમીન સાડા આઠ વિઘા તથા બ્લોક નં.૧૨૮ની જમીન ત્રણ વિંઘા જેટલી છે. પાવર ઓફ એટર્નીના ધારણ કરનાર ઈરફાન સીલ્કવાળાએ કામરેજ મામલતદાર કચેરી તથા તલાટી કમ મંત્રી પાસે ૭/૧૨ અને ગામના નમૂના નંબર ૬ની નકલો કઢાવતા આરોપી હાસીમ ઈસ્માઈલ પટેલે ખોટુ પેઢીનામું બનાવી વારસદાર તરીકે પોતાનું એકલાનું નામ બનાવ્યું હતું. જ્યારે અમીનાબેન ઈસ્માઈલ પટેલની પુત્રીઓ અને પુત્રનું નામ પેઢીનામાં બતાવયું ન હતું. ખોટું પેઢીનામું બનાવનાર પુત્ર હાસીમે સાક્ષી તરીકે યાકુબ પટેલ, ઐયુબ પટેલ, રમેશ પરમાર, અબ્દુલ રૌફ હાફેઝીને બતાવી સહીઓ કરાવી હતી. આ સાથે ઘલાના હાસીમ ઈસ્માઈલ પટેલે બ્લોક નં.૮૫ તથા ૧૨૮માં પત્ની હાજીરાબીબી, ઝુબેર ઈસ્માઈલ, નૂરબાનુ, ઝૈનુલ, આઈસાગોરી, અહમદ, રૂકશાના , ફાતેમા, ઈબ્રાહીમ તથા તસ્લીમાના નામો સહભાગીદાર તરીકે દાખલ કરાવ્યા હતા. આરોપી હાસીમ ઈસ્માઈલ પટેલે બ્લોક નં.૯૧ની જમીનમાં તમામ વારસદારોના નામો બતાવ્યા છ

પંડવઈ સુગર ફેક્ટરીને એનસીડીસી દ્વારા એક્સેલન્સી એવોર્ડ એનાયત

અંકલેશ્વર - અંકલેશ્વર હાંસોટ કોસંબા ઉપરાંત અન્ય ગામોના શેરડી ઉત્પાદકોના આધાર સમી પંડવાઈ સુગર પેક્ટરીને નેશનલ કો.ઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન એનસીડીસી દ્વારા એવોર્ડ એનાયત કરાયો છે. નવી દિલ્હી સ્થિત એનસીડીસી ભવન ખાતે પંડવાઈ સુગરના ચેરમેન તથા રાજ્યના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ડિરેક્ટર અનિલ પટેલ સહિત ડિરેક્ટરોએ એનસીડીસીના રિજીયોનલ એવોર્ડ ફોર કો ઓપરેટીવ એક્સેલન્સ ૨૦૧૮ સ્વીકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે પંડવાઈ સુગર ફેક્ટરીનાં શ્રેષ્ઠ વહીવટથી શેરડી ઉત્પાદકો ખૂબ સમૃદ્ધ બન્યા છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે બે દિવસીય કૃષિ મેળો-પ્રદર્શનનો પ્રારંભ કરાવતા સાંસદ શ્રી સી.આર.પાટીલ





શાકભાજી/ફળ પ્રદર્શન વિજેતા ખેડૂતો-પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરાયું

નવસારી

આત્મા પ્રોજેકટ નવસારી, ખેડૂત તાલીમ કેન્દ્ર નવસારી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નવસારીના સહયોગથી નવસારી જિલ્લાના ખેડૂત ભાઈ/બહેનોને કૃષિક્ષેત્રે આધુનિક સંશોધનો અને હાઈટેક ખેતી, બાગાયત, પશુપાલન વિભાગની જાણકારી મળી રહે એવા ઉમદા હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે બે દિવસીય કૃષિમેળો અને પ્રદર્શનનો નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલે દીપ પ્રગાટવી પ્રારંભ કર્યો હતો. તેમની સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલ, કૃષિ યુનિ.ના કુલપતિ ડૉ.સી.જે.ડાંગરીયા, જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી.મોડિયા, કે.વી.કે.ના ડૉ.સી.કે.ટીમ્બડીયા, જિલ્લા રજીસ્ટાર શ્રી પટેલ, આત્મા પ્રોજેકટના સી.આર.પટેલ ઉપસ્થિત રહયાં હતાં.

નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી અને જિલ્લાના ખેતીવાડી વિભાગના આત્મા પ્રોજેકટ ધ્વારા ખેડૂતોને આધુનિક પધ્ધતિથી ખેતી કરવા પ્રયાસ કરે છે અને તેમાં સફળતા પણ મળી છે. આજે જિલ્લાના અનેક ખેડૂતો સજીવ ખેતી તરફ વળ્યા છે. અને તેમના ખેતીપાકો અહી પ્રદર્શિત કર્યા છે. ખેડૂતો જેટલી મહેનત ખેતીમાં કરશે તેટલું ફળ તેમને અવશ્ય મળે છે. આપણા ખેતીપાકોમાં પ્રમાણસર ખાતર અને પાણી આપવાથી સારો પાક મળે છે. દેશમાં દિવસે ને દિવસે સજીવ ખેતીની માંગ વધી છે. સજીવ ખેતીમાં નવસારી જિલ્લાના ખેડૂતો આગળ આવ્યા છે. ખેતી સાથે પશુપાલન વ્યવસાય સાથે કરવાથી આવકમાં વધારો થશે.

નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લામાં વધુમાં વધુ મહિલાઓ ખેતીક્ષેત્રેના કાર્યમાં આગળ વધી રહી છે. સાથે સાથે પોતાના પરિવારની જવાબદારી પણ નિભાવી રહી છે. બહેનો આજે ખેતી સાથે પશુપાલન વ્યવસાયમાં પણ સારી આવક મેળવી રહી છે. રાજય સરકાર ધ્વારા યોજાતા કૃષિ મેળા તથા કૃષિ યુનિ. ધ્વારા ખેડૂત ભાઈ-બહેનોને વૈજ્ઞાનિક પધ્ધતિ તેમજ નવીન તાંત્રિકતાની જાણકારી થકી ખેતી પેદાશોમાં વધુ ઉત્પાદન અને આવક મેળવી પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.સી.જે.ડાંગરીયાએ જણાવ્યું હતું કે, આપણી ખેતીને આગળ લાવવા મહિલાઓ આગળ આવી છે. તેમને કૃષિ યુનિ.ધ્વારા જરૂરી તાલીમબધ્ધ કરી આધુનિક ખેત પધ્ધતિથી વાકેફ કરાઇ છે. ખેતી ઉપર આપણો મુખ્ય આધાર છે. અહીથી તાલીમ લઇ મહિલા ખેડૂતો આજે જિલ્લામાં સારી નામના મેળવી ઓર્ગોનિક પાકો લઇ આગળ વધી રહી છે.

આત્મા પ્રોજેકટના પ્રોજેકટ ડાયરેકટર શ્રી સી.આર.પટેલે મહનુભાવોનું સ્વાગત પ્રવચન કરી આવકારતા જણાવ્યું હતું કે, આત્મા પ્રોજેકટ હેઠળ જિલ્લાના ૩૮૯ ગામોના ખેતી, બાગાયત, મત્સ્યપાલન, મધમાખી ઉછેર કરતાં નાના/સીમાંત કુલ-૬૬૦ ખેડૂતોના ગૃપો બનાવી ૯૩૦૭ ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરેલું છે. આત્મા ધ્વારા ખેડૂતોને કૃષિ વિકાસ કૌશલ્ય તાલીમ, સંસ્થાકીય તાલીમ, પ્રેરણા પ્રવાસ, કૃષિમેળામાં જરૂરી તાલીમો પૂરી પાડી છે.

કૃષિમેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ.સી.કે.ટીમ્બડીયાએ ગીર ગાય આધારિત સજીવ ખેતી અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. કૃષિ યુનિ.ના શેરડી સંશોધન કેન્દ્રના ડૉ.માલીએ શેરડીની આધુનિક ખેતી, ડાંગર સંશોધન કેન્દ્રના ડૉ.પથિકે ડાંગરની આધુનિક ખેત પધ્ધતિ, બાગાયતના શ્રી અંકુર પટેલ બાગાયતી પાકો મત્સ્યપાલન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

કૃષિમેળામાં પ્રગતિશીલ મહિલા ખેડૂતએ પોતાના અનુભવો વર્ણવ્યા હતાં.

આ પ્રસંગે જિલ્લાના પ્રગતિશીલ મહિલા ખેડૂતો, કૃષિ તજજ્ઞો, ખેડૂત ભાઈ/બહેનો ઉપસ્થિત રહયા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કે.વી.કે.ના વૈજ્ઞાનિક શ્રી કે.આર.શાહે કર્યુ હતું. કૃષિમેળામાં જુદ જુદા ૪૦ જેટલા સ્ટોલોમાં સજીવ ખેતી, આધુનિક ઓજારો, ખેતીપાકોનું નિદર્શન યોજાયું હતું.

બસ દુર્ઘટનામાં મહિનાથી મોત સામે ઝઝૂમી રહેલી બાળકીનું મોત

ડાંગ

અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા ગુરુકૃપા ટ્યુશન કલાસના વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલી લકઝરી બસ તા.૨૨મી ડિસેમ્બરના રોજ આહવા-સાપુતારા નજીક ખીણમાં પડી જવાની ઘટનામાં એક શિક્ષિકા સહિત ૧૦ બાળકોના મોત હતા. આ ઘટનામાં છેલ્લા એક મહિનાથી સારવાર લઈ રહેલી બાળકી શ્રેયા કલ્થરીયાનું મંગળવારે મૃત્યુ થયું. મહિનાથી મોત સામે ઝીંક ઝીલી રહેલી ૧૦ વર્ષની ઘાયલ બાળકીને તબીબો ન બચાવી શક્યા.

ડીવાયએસપી જગદીશ વસાવાએ જણાવ્યું હતું કે ગુરુકૃપા ટ્યુશન કલાસિસના સંચાલિકા નીતાબહેન બિપીનચંદ્ર પટેલ ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ ટ્યૂશન કલાસિસના વિદ્યાર્થીઓને આહવા-સાપુતારા ખાતે લકઝરી મારફતે પિકનિક પર લઈ ગયા હતા. જ્યાં માલગામ ધુલડા નજીક બસ ઊંડી ખીણમાં ખાબકતા ૧૦ બાળકો મોતને ભેટ્યા હતા. જોકે બસ ખીણમાં પડતા અગાઉ ખીણના પહાડો પર ઊગી નીકળેલા ઝાડ પર લટકી ગઈ હતી જેથી ઘણાં વિદ્યાર્થીઓને તેના કારણે બચાવી શકાયા હતા. પરંતુ ધીમે ધીમે ઝાડ પરથી બસે બેલેન્સ ખોવા માંડ્યું હતું. તેમ છતાં છેલ્લે સુધી વિદ્યાર્થીઓને કાઢવામાં વ્યસ્ત શિક્ષિકા અને બસમાં જ રહી ગયેલા ૧૦ બાળકો ભયંકર મોતને ભેટ્યા હતા. જયારે ઘણાં વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. જેમાં એક ૧૦ વર્ષની વિદ્યાર્થીની શ્રેયા ભરતભાઈ કલ્થરીયા પણ હતી. જેને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી અમરોલી જીવનજ્યોત હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. એક મહિના સુધી મૃત્યુ સામે ઝીંક ઝીલનાર બાળકીને તબીબો ન બચાવી શકતા આ ઘટનાનો મૃત્યુઆંક ૧૧ પર પહોંચી ગયો છે.

રિલાયન્સ જીઓના કોન્ટ્રાક્ટના કામ માટે લાખોનું રોકાણ કરાવી છેતરપિંડી

ઈલેકટ્રીક કોન્ટ્રાક્ટર રૂા.૧૨.૩૮ લાખ પાછો નહીં આપી ઠગાઈ

સુરત

રિલાયન્સ જીઓ ઓએફસી વર્કના કામ માટે નાણા રોકાણના નામે રૂપિયા ૧૮.૨૮ લાખનું રોકાણ કરાવી બાકી રૂપિયા ૧૨.૩૮ લાખ પરત નહીં આપી આરોપીઓએ ધાક-ધમકી આપી હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ મથકે નોંધાઈ હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ છાપરાભાઠા મણીબા પાર્ક સોસાયટીમાં રહેતી ઈલેકટ્રી કોન્ટ્રાક્ટર વિરલકુમાર પ્રવીણભાઈ પટેલે આરોપી વિશાળ અશોક જરીવાળા, આશિષ હરિનાથ ત્રિપાઠી, મનીષ હરિનાથ ત્રિપાઠી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના ભાગીદાર આરોપીઓએ રિલાયન્સ જીઓ ઓએફસી વર્કના કામ માટે જય મહાલક્ષ્મી ઈલેકટ્રીક ફર્મથી ભાગીદારી કરવાનું જણાવી લોભામણી વાતો કરી રૂા.૧૮,૨૮,૦૨૭નું રોકાણ કરાવી તે પૈકી રૂા.૫.૯૦ લાખ પરત આપ્યા બાદ બાકીના રૂપિયા ૧૨,૩૮,૦૨૭ આજદિન સુધી આપ્યા ન હતા ફરિયાદીએ ઉઘરાણી કરતા આરોપીઓએ ધાક-ધમકી આપી હતી. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

રેલવે પરિસરમાં ૨૬ જાન્યુ.થી કાયમ માટે ૧૦૦ ફૂટે તિરંગો લહેરાશે

સુરત

ભારતીય રેલવે દ્વારા સુરત સહિતના એ ૧ ગ્રેડના ૭૫ રેલવે સ્ટેશન પર ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જોકે સુરત રેલવે સ્ટેશન પરિસરમાં ડિસેમ્બર - ૨૦૧૮ની ડેડલાઈન સુધીમાં ધ્વજ નહીં લહેરાવાતા હવે ૨૬મી જાન્યુઆરીએ લહેરાવશે. રેલવે સ્ટેશનનાગેટની બાજુમાં જ ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાવવા અને આસપાસ રોશની કરવા તંત્ર તૈયારીમાં લાગી ગયું છે.રેલવે બોર્ડ દ્વારા તમામ ઝોનને એ ૧ ગ્રેડના રેલવે સ્ટેશનના પરિસરમાં ડિસેમ્બર સુધીમાં રાષ્ટ્રધ્વજ લહેરાવા માટે આદેશ કરાયો હતો. જોકે સુરત રેલવે તંત્ર દ્વારા સમય મર્યાદામાં કામ પૂરું ન થતાં હવે ૨૬મી જાન્યુઆરીનો મોકો ઝડપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

રેલવેના તમામ ઝોન પૈકી પશ્ચિમ રેલવેના સુરત,મુંબઈ સેન્ટ્રલ અને બાંદ્રા ટર્મિનસ રેલવે સ્ટેશન પટાંગણમાં ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્ર ધ્વજ ૨૬મી જાન્યુઆરીએ લહેરાતો કરી દેવાની તૈયારીઓ ચાલી રહી છે. સુરત રેલવે સ્ટેશનના પટાંગણમાં રાષ્ટ્રધ્વજ લહેરાતો કરવા માટે એક લાઈટપોલ નડતરરૂપ હતો જેની ઊંચાઈ ઘટાડી દેવામાં આવી છે.

આ મુદ્દે સુરત રેલવે સ્ટેશન પર મુસાફરો જણાવ્યું હતું. એક ભારતીય તરીકે આપણા માટે ગર્વની વાત છે પરંતુ સામા છેડે સુવિધાઓ પર પણ ધ્યાન આપવું જોઈએ. જોકે કેટલાક મુસાફરોએ રાષ્ટ્રધ્વજ લહેરાવવાની વાતને સમર્થન આપતા જણાવ્યું હતું કે તિરંગોએ દેશની શાન છે.સુરત રેલવે સ્ટેશન પર ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાતો જોવો એ ગર્વની વાત છે.

સાંસદ દર્શનાબેન જરદોશના જન્મદિને ૭૫ દિવ્યાંગોને ટ્રાઈસિકલનું વિતરણ

કેન્દ્રીયમંત્રી રૂપાલાની હાજરીમાં સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

સુરત

ગતરોજ સાંસદ દર્શનાબેન જરદોશના જન્મદિન નિમિત્તે કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાજી અને અંજલીબેન વિજયભાઈ રૂપાણી તેમજ સુરત મહાનગરના અધ્યક્ષ નિતિનભાઈ ભજીયાવાલા, શહેર મહામંત્રી મદનસિંહ અટોદરીયા, પૂર્વ અધ્યક્ષ તેમજ માજી રાજયસભા સાંસદ પ્રવિણભાઈ નાયક, કરંજ ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારી, ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલ, પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદભાઈ રાણા, પ્રદેશ મંત્રી દર્શિણીબેન કોઠીયા, શિક્ષણ સમિતિ ચેરમેન હસમુખ પટેલ, સુરત શહેર મહિલા મોરચા પ્રમુખ મહામંત્રી, શહેરના કોર્પોરેટર, વોર્ડના પ્રમુખ મહામંત્રી તમામ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી રૂપાલાજીના હસ્તે ટ્રાઈસિકલ, અંજલીબેન રૂપાણીના હસ્તે ટ્રાઈસિકલ અને ઉજજવલા યોજના અંતર્ગત લાભાર્થીઓને ગેસ વિતરણ, આયુષ્યમાન યોજનાના લાભાર્થીને કાર્ડ વિતરણ, સિવિલ સર્જન દ્વારા તપાસ્યા બાદ ૫૫ જેટલા વ્યક્તિ કે જેમની પાસે તેમની ઉંમરનો કોઈ પુરાવો ન હતો તેમને ઉંમરના પ્રમાણપત્ર એનાયત કરીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ધારાસભ્ય વિનુભાઈ મોરડીયના જનસંપર્ક કાર્યાલય ખાતે ધારાસભ્યની ઉપસ્થિતિમાં ૩૫ દિવ્યાંગ વ્યક્તિઓ સાથે જન્મદિન નિમિત્તે કેક કાપીને ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી તથા માં ઉમિયાધામ મંદિર વરાછા ખાતે સુરત મહિલા મોર્ચા મહામંત્રી ઉર્વશીબેન પટેલના સહયોગથી ૪૦ દિવ્યાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી તેમજ હિમાંશુ લાડવીયાના કાર્યાલય ખાતે ગરીબ વ્યક્તિઓને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું. જન્મ દિવસ પ્રસંગે કુલ ૭૫ ટ્રાઈસિકલ અને ૨ વ્હીલચેર દિવ્યાંગ વ્યક્તિઓને આપવામાં આવી હતી.



મૌસમી ચેટરજીએ કપડા મામલે એનાઉન્સર યુવતીને ઝાટકી નાખી

દેશના ૧૦૦ મુખ્ય પ્રધાનો મોદીની પાછળ પડયા છે : મૌસમી ચેટરજી

સુરત

તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા ફિલ્મ અભિનેત્રી મૌસમી ચેટરજીએ શહેર ભાજપની જાણ બહાર સુરતમાં પત્રકાર પરિષદ બોલાવી હતી. પત્રકાર પરિષદમાં તેમણે બફાટ કર્યો હતો કે દેશના ૧૦૦ મુખ્ય પ્રધાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાછળ પડી ગયા છે. મોદી સરકારના પાંચ સારા કામો ગણાવવામાં તેમને પરસેવો પડી ગયો હતો.

૨૦૦૪માં કોંગ્રેસની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડી ચૂકેલા વીતેલા જમાનાની પીઢ અભિનેત્રી મૌસમી ચેટરજી સુરતના મહેમાન બન્યા હતાં. કોંગ્રેસની ટિકિટ પર પાલિકા ચૂંટણી લડી ચૂકેલા ઉમેશ મહેતાએ હોટલ તાજ ગેટ વે ખાતે મૌસમી ચેટરજીની પત્રકાર પરિષદ ગોઠવી હતી. શહેર ભાજપના નેતાઓને આ પત્રકાર પરિષદ અંગે અંધારામાં રાખવામાં આવ્યા હતા. ચાર વાગ્યે છેક છેલ્લી ઘડીએ પત્રકાર પરિષદની માહિતી મળતા પ્રમુખ નીતિન ભજિયાવાલા, મહામંત્રી મદનસિંહ અટોદરિયા અને ઉપાધ્યક્ષ પીવીએસ શર્મા પ્રોટોકોલ મુજબ હોટલ પર પહોંચ્યા હતા. ચાર વાગ્યાની પ્રેસ બોલાવાઈ હોવા છતાં સવા પાંચ સુધી મૌસમી ચેટરજી આવ્યા નહોતા. ઉમેશ મહેતાને ભાજપમાં લેવાની જાહેરાત કરવા પ્રેસ બોલાવાઈ હોવાની ચર્ચા વચ્ચે એક પછી એક બફાટ થતા ફિયાસ્કો થયો હતો.

સવા કલાક મોડી પત્રકાર પરિષદ શરૂ થયા બાદ થોડી જ વારમાં મૌસમી ચેટરજીએ એનાઉન્સર યુવતીને ઝાટકી નાખી હતી. એનાઉન્સર યુવતી જિન્સ પહેરીને આવી હતી. તેને જોઈને મૌસમી ચેટરજીએ જાહેરમાં તેને ઉતારી પાડી કહ્યું હતું કે તમે આવા કપડાં પહેરીને કઈ રીતે આવી શકો ? યુવતીને ખખડાવી નાખ્યા બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા શરૂ કરી હતી. વિપક્ષો પર પ્રહાર કરતી વખતે તેમણે બફાટ કર્યો હતો કે દેશના ૧૦૦ મુખ્ય પ્રધાનો ભેગા થઈને વડાપ્રધાનની પાછળ પડી ગયા છે. તેમને ૧૦૦ મુખ્ય પ્રધાનના નામ ગણાવવાનું કહેવામાં આવતા તેઓ ચુપ થઈ ગયા હતા.

મહિલા પુરસ્કાર યોજનાની અરજી મોકલવા જોગ

નવસારી

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર ધ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં મહિલા ખેલાડીઓએ વિવિધ રમતોની રાજયકક્ષાની વિવિધ રમતોની શાળાકીય સ્પર્ધાઓ અં-૧૪, ૧૭, ૧૯ અને સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ધ્વારા આયોજીત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કરેલ તથા સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા મહિલા ખેલાડીઓને કોઈપણ એક જ રમતમાં તેમજ એક જ સિધ્ધિ માટે મહિલા પુરસ્કાર યોજના માટેનું ફોર્મ ભરીને તા.૩૧/૧/૧૯ સુધીમાં સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જવાહરલાલ નહેરુ શોપીગ સેન્ટર, શોપ નં-૧/૨, ધાંચી પંચની વાડી સામે, દુધિયા તળાવ, નવસારીને મોકલી આપવાની રહેશે. વર્ષ ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલ ખેલાડીઓ અરજી કરી શકશે.

આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરાશે



સુરત

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩-૧-૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર નેતાજી સુભાષચંદ્ર બોઝને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરવામાં આવશે. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ સુભાષચંદ્ર બોઝની જીવન પર વક્તવ્ય રજૂ કરશે. માતૃભૂમિની મુક્તિ માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમમાં સહભાગી થવા ગોપીપુરા સુભાષચોક ખાતે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ પાઠવાયું છે.

૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈનને મદદ, માર્ગદર્શન અને બચાવ માટે ૫ લાખ કોલ્સ આવતા ઉજવણી કરાઈ

વલસાડ જિલ્લામાં ૬૪૪૨ કોલ્સ

વલસાડ

મહિલાઓને ઘરેલું હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસામાં તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ અને માર્ગદર્શન ઉપરાંત વિવિધ પ્રકારની યોજનાકીય જાણકારી મળી રહે તે માટે ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈનની સુવિધાની રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ અને જીવીકે, ઈએમઆરઆઈ દ્વારા સંકલિત ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈન રાજયના દરેક જિલ્લામાં કાર્યરત કરવામાં આવી રહી છે. રાજયમાં ૪૭ રેસ્કયુવાન તાલીમબધ્ધ કાઉન્સેલર, પાયલોટ અને મહિલા કોન્સ્ટેબલ ૨૪ કલાક કાર્યરત છે. આ સેવા નિશુલ્ક છે. ૧૮૧ મહિલા હેલ્પલાઈન મહિલાઓ માટે એક સ્વજનની જેમ વિશ્વાસ સંપાદન કરી રહી છે. ૧૮૧ મોબાઈલ એપ્લીકેશન એપ સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. જેના થકી ચોકકસ સ્થળ જાણી શકાય છે. ઘટના સ્થળે મહિલા માહિતી આપી શકે તેમ ન હોય તો પેનીક બટન દબાવવાથી તમામ માહિતી હેલ્પલાઈન સુધી પહોંચી જવાથી સરળતાથી પહોંચી શકાય છે. અને તેના પાંચ જેટલા સગાસંબંધી કે મિત્રોને ઓટોમેટિક એસએમએસથી સંદેશો મળી જશે. રાજયમાં ચાર વર્ષના ટુંકા ગાળામાં ૫ લાખ મહિલાઓના કોલ્સ આવ્યા તે બદલ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વલસાડ જિલ્લામાં ૬૪૪૨ કોલ્સ આવ્યા હોવાનું જણાવાયું છે.

ગાઢ ધુમ્મસના કારણે જેલસમેરથી સુરત આવતી ફલાઈટ મુંબઈ ડાઈવર્ટ કરાઈ

સુરત

ગાઢ ધુમ્મસના કારણે મંગળવારે વહેલી સવારની સાત જેટલી વિમાની સેવાને અસર થઈ હતી. ધુમ્મસને કારણે દિલ્હી અને જેસલમેરથી સુરત આવતી ત્રણ ફલાઈટને ડાઈવર્ટ કરવી પડી હતી. જેમાં દિલ્હીથી આવતી ૨ ફલાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરાઈ હતી. જ્યારે જેસલમેરથી સુરત આવતી ફલાઈટને મુંબઈ ડાઈવર્ટ કરાઈ હતી. તો એક ફલાઈટ દિલ્હીથી જ બે કલાક મોડી આવી હતી. જો કે, ધુમ્મસના ચક્કરમાં ફલાઈટો મોડી આવવાને કારણે અને સુરતથી જેસલમેરની ફલાઈટ રદ કરવાને કારણે એરપોર્ટ પર સંખ્યાબંધ પ્રવાસીઓ અટવાયા હતા.

સુરત એરપોર્ટ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ દિશાની થતા એરપોર્ટ પર ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું. જેના કારણે એર ઈન્ડિયાની ૭.૦૫ કલાકે સુરત લેન્ડ થતી દિલ્હી-સુરત ફલાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવી પડી હતી. જે અમદાવાદથી ૧૧.૩૦ કલાકે સુરત આવી હતી. તેવી જ રીતે સ્પાઈસ જેટની દિલ્હી-જયપુર-સુરત ફલાઈટ ૭.૪૫ કલાકે સુરત લેન્ડ કરાવવાના બદલે મુંબઈ ડાયવર્ટ કરીને પછી ૧૧.૩૪ કલાકે સુરત એરપોર્ટ પર તેનું લેન્ડિંગ થયું હતું. ઈન્ડિગોની દિલ્હી-સુરત ફલાઈટને પણ અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. આમ સુરત એરપોર્ટ પર એકસાથે ત્રણ ફલાઈટ મોડી પડતાં મુસાફરોએ ભારે હોબાળો મચાવી દીધો હતો.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

मठीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कमर, गरदन, नशनां
दुखावा माटे असरकारक
022-24147642
022-24147643
उत्पादक:
रेमेडीझ फार्मास्युटिकल्स
Madhivala LINIMENT
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोईम्बतुरની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

MERINO ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



પાટીદાર અનામત આંદોલનકારીઓ અંગે સુરતના જોઈન્ટ પોલીસ કમિશ્નર હરેકૃષ્ણ પટેલે એક જાહેર કાર્યક્રમમાં કથીત રીતે કરેલા વિવાદી નિવેદન અંગે પાટીદાર અનામત આંદોલન સમિતિ સુરત દ્વારા આજે પોલીસ કમિશ્નરને આવેદન પાત્ર પાઠવવામાં આવ્યું હતું.

જોઈન્ટ પોલીસ કમિ. હરેકૃષ્ણ પટેલને બરતરફ કરવા કમિશનરને રજૂઆત

સુરત

પાટીદાર સમાજના આંદોલનકારી યુવાનોને કાશ્મીર, અફઘાનિસ્તાનના પ્રોક્સીવોર નક્સલવાદ પ્રવૃત્તિ સાથે સરખાવીને વિવાદ સર્જનાર જોઈન્ટ પોલીસ કમિશનર હરેકૃષ્ણ પટેલને બરતરફ કરવા પાટીદાર અનામત આંદોલન સીમતિએ પો. કમિ. સતીષ શર્માને આવેદનપત્ર પાઠવ્યું હતું. અત્રો નોંધનીય છે કે જોઈન્ટ પો. કમિ. હરેકૃષ્ણ પટેલનો વીડિયો વાયરલ થતા પાટીદાર સમાજમાં રોષ વ્યાપી ગયો હતો.

પો. કમિ. સતીષ શર્માને પાસ કન્વીનર ધાર્મિક માલવિયો આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી પાટીદાર અનામત આંદોલનને લઈને આંદોલનકારીઓ દ્વારા ગુજરાત સરકારની સામે પોતાના સમાજના હિત માટે આંદોલન ચલાવાઈ રહ્યું છે ત્યારે શાસનમાં બેઠેલ ભારતીય જનતા પાર્ટી આંદોલન તોડી પાડવાના હેતુ સાથે સત્તા અને કાયદાનો દુરૂપયોગ કરી આંદોલન કઈ રીતે બંધ થાય તે માટેના પ્રયાસો કરી રહ્યા છે અને તેના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલા અને પાર્ટીને વ્હાલા થવાવાળા ઘણા સરકારી કર્મચારીઓ (અધિકારીઓ) આ બાબતે પોતાની કંઈકને કંઈક ભૂમિક આંદોલન તોડવા માટેડ ભજવી રહ્યા છે અને તેવી જ ભૂમિકા સુરતના જોઈન્ટ પોલીસ કમિશનર હરેકૃષ્ણભાઈ પટેલ પણ ભજવી રહ્યા હોય તેવી બાબતો તેમની વાત અને વર્તન પરથી જાણી શકાય છે જે પ્રકારે ગઈકાલે તેમનો મીડિયાના માધ્યમથી વીડિયો વાયરલ થયો તે જોતા સમાજના જાહેર મંચ પરથી એક ઉચ્ચ સ્થાન પર જવાબદારી સંભાળતા અધિકારી ન બોલી શકે તે પ્રકારની વાતો માત્રાને માત્રો આંદોલનકારીઓને ટાર્ગેટ કરી જાહેર મંચ પરથી બોલે છે ગુજરાતના યુવાનોની માગને નક્સલાઈસ પ્રવૃત્તિ સાથે જોડી કાશ્મીર અને અફઘાનિસ્તાનના પ્રોકસીવોર સાથે આંદોલન સરખાવી દેવાયું છે જે ખૂબ જ દુ:ખદ બાબત છે તે સંદર્ભે ગુજરાતના યુવાનો અને આંદોલનકારીઓની સાથે સાથે પાટીદાર સમાજની લાગણી દુભાણી છે.તંદુરસ્ત લોકશાહી અને સમાજના હિત માટે અન્યાયનો પ્રતિકાર કરવાની બંધારણી સર્વે નાગરિક તરીકેના હક્કો આપેલા છે. અમુક પોલીસ રાજકીય હાથો બનીને યુવાનોના ભવિષ્યને બગાડે. ધાક ઊભી કરવા અત્યાર કરે અને આવા અધિકારીઓ તેમના અંગત સ્વાર્થ સિદ્ધ કરવા આમ જનતામાં અન્યાય વિરુદ્ધ અવાજ કારનાર સાથે ઘાતકી વલણ અપનાવી અત્યારચાર કરે.

સુકા કચરામાં પાણી નાંખી વજન વધારતો યુવક કેમેરામાં થયો કેદ

સુરત

પાલિકા દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના કામમાં ગેરરીતી ચાલકી હોવાની વારંવાર ફરિયાદ ઉઠતી રહે છે. દરમિયાન વરાછા ઝોન વિસ્તારમાં કામ કરતી જેટીસી નામની એજન્સીઓમાં સુકા કચરાં પર પાણી નાખી ભીનો કરી મનપાની તિજોરીને ચુનો લગાવવા આવતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનું કામ એજન્સીઓ કરે છે. જેમાં જે ગાડીઓમાં જેટલા વજનનો કચરો આવે તે મુજબ બીલ બને છે. એજન્સીઓ દ્વારા વજન વધારવા માટે અવનવા નુસ્ખા કરીને વધારે રૂપિયાના બીલ બનાવવામાં આવે છે. જેનો એક કિસ્સો કેમેરામાં કેદ થઈ ગયો હતો. સરથાણા વિસ્તારમાં મેધમલ્હાર સોસાયટીમાં ડોર ટુ ડોરની ગાડીમાં સુકા કચરામાં પાણી નાખી ભીનો કરાતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. સરથાણાની સોસયટીમાં ડોર ટુ ડોરની ગાડીમાં સુકા કચરામાં પાણી નાખી ભીનો કરાતો હોવાનો વીડિયો એક સ્થાનિક દ્વારા મોબાઈલમાં કેદ કરી લેવામાં આવ્યો હતો. અને કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડિયાએ આ વીડિયોને સોશિયલ મીડિયામાં મૂકી સવાલો ઉઠાવ્યા હતા. વીડિયો વાયરલ થતા મનપા દ્વારા જેટીસી એજન્સીને ૨૫ હજારની પેનલ્ટી ફટકારી હતી. અને એક ગાડીનું સાત દિવસ સુધી વજન ન લેવાનો દંડ ફટકાર્યો હતો.

નવનિર્મિત બિલ્ડીંગ પરથી લોખંડનો સળિયો માથે પડતા યુવકનું મોત

સુરત

સરથાણા વિસ્તારમાં એક નવનિર્મિત બિલ્ડીંગ પરથી અચાનક તૂટી પડેલો લોખંડનો સળિયો રાહદારીના માથે પડતો હોવાનો સીસીટીવી વીડિયો વાયરલ થતા પોલીસ પણ આશ્ચર્યમાં મુકાઈ ગઈ છે. ગત ૧૭ જાન્યુઆરીના રોજ બનેલી ઘટનામાં યુવકના મોતના પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરથાણા વિસ્તારમાં એક બિલ્ડીંગનું કન્સ્ટ્રકશન કામ ચાલી રહ્યું છે. દરમિયાન નજીકમાં રહેતો જગદીશસિંગ રાજપુત નામનો યુવક પસાર થતા તેના પર લોખંડનો સળિયો પડ્યો હતો. માથાના ભાગે અચાનક સળિયો પડતા જ જગદીશનું મોત થયું હોવાનું પોલીસ તપાસમાં પણ બહાર આવ્યું છે. જોકે, આખી ઘટના સીસીટીવીમા કેદ થઈ જતા સરથાણા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નર્મદા જિલ્લામાં મનરેગામાં ચાલતી વ્યાપક ગેરરીતીની બૂમો ઉઠતા જિલ્લા વિકાસ અધિકારીએ આકસ્મિક વિઝીટ કરી



મનરેગાના કામો નિહાળવા કરતા ડીડીઓ ગામે ગામ કેટલા પૂર્ણ અને કેવીરીતે થયા તેની ચકાસણી કરે તો ઘણુંબધુ નીકળે તેવી ગ્રામજનોની માંગ તિલકવાડા તાલુકામાં વ્યાપક ગોટાળા ડીડીઓ તપાસ કરે એવી લોક માંગ ઉઠી

રાજપીપળા : નર્મદામાં દર વર્ષે કરોડોના કામો નરેગા હેઠળ થાય છે તેમ છતાં કોઈને ફાયદો થયો હોય તેવો કિસ્સો સામે આવ્યો નથી કેમકે વર્ષોથી નરેગાના કામોમાં જેસીબીનો ઉપયયોગ થતો આવ્યો છે અને કોન્ટ્રાકટરો દ્વારા સીધા રસ્તા સહીત અનેક કામો કરી દેવામાં આવે છે અગાવ વર્ષો પહેલા તો જોબ કાર્ડ પર જમા થયેલા રૂપિયા ગામના સરપંચ કોન્ટ્રાક્ટરો ડંડો લઈ ગ્રામજનો પાસેથી ઉઘરાવતા હોવાના અહેવાલો સામે આવ્યા છે ત્યારે આ પ્રથમ ડીડીઓ છે કે જેમને ઓચિંતી વિઝીટ કરી પરંતુ તેમને જે વિઝીટ બતાવવામાં આવી તે કરતા જો ડીડીઓ ખરેખર આ નરેગાનો ઇતિહાસ ભૂગોળ તપાસે તો આમાં ઘણું નીકળે એમ છે તિલકવાડા તાલુકાથી શરૂઆત કરે તો ત્યાં પણ નરેગામાં તપાસ જરૂરી બની છે.

નર્મદા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે તાજેતરમાં જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ઝરવાણી ગામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના હસ્તક મનરેગા યોજના હેઠળ ચાલી રહેલા કામોની આકસ્મિક મુલાકાત લઈ આ અંતરિયાળ વિસ્તારમાં રમિકો ?વારા થઈ રહેલા રસ્તાના બે કામોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને અહીના કુટુંબો રોજગારી માટે શું કરે છે ? મનરેગામાં શ્રમિકોને રોજગારીમાંથી નાણાં કેટલા દિવસમાં મળે છે અને આ યોજનાથી કેટલા દિવસમાં મળે છે અને આ યોજનાથી ઝરવાણી ગામમાં કેટલો ફાયદો થયો છે અને વર્ષ દરમિયાન કેટલા દિવસની રોજગારી શ્રમિક લાભાર્થીઓને અહી મળેલ છે તે અંગે શ્રમિકો સાથે વાર્તાલાપ કરી જરૂરી જાણકારી મેળવી હતી.

મનરેગા હેઠળ મહત્તમ લાભ માટે લાભાર્થી શ્રમિકોને પ્રોત્સાહિત કરતાં ડીડીઓ

મનરેગા હેઠળ ગામના શ્રમિક લાભાર્થીઓ વધુને વધુ લાભ લે તે માટે ડૉ. વિલીયમે શ્રમિકોને પ્રોત્સાહિત કર્યા હતાં. જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે ઝરવાણી ગામની પ્રાથમિક શાળા-આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ અહીં અપાતા ભોજન, સ્વચ્છતા અને પ્રાથમિક શિક્ષણ કેવી રીતે અપાય છે તે અંગે પણ નિરીક્ષણ કર્યું હતું.આ મુલાકાત દરમિયાન પ્રાથમિક શાળા આંગણવાડી કેન્દ્રમાં સરકારના ધારાધોરણ મુજબના ભોજન અને શિક્ષણ પધ્ધતિ બદલ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. પરંતુ જો મેડમ એકલા જઈ ને તપાસ કરે જે અધિકારીઓ બતાવે તેવું નહિ જાતે શોધખોળ કરે તો આમાં ઘણું નીકળે તેમ છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અલ્પ શૌક્ષણી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધાન સ્વરૂપ પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજીક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધો વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મોટા કમિશનની લાલચના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપવામાંથી મુક્તવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગારી દરમ્યાન કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
ફાકીના ૧૭૫૦/- (એકો મોડવી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (એકો મોડવી કપાવી)
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં

PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં

PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે



આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ



જંબુસરમાં ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંકની ખેડૂત શિબિર યોજાઈ





ધી ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો—ઓપરેટીવ બેંક દ્વારા જંબુસર તાલુકાના સભાસદોના માર્ગદર્શન માટે બેંકના ચેરમેન અરૂણસિંહ રણાના અધ્યક્ષ સ્થાને ખેડૂત શિબિર યોજવામાં આવી હતી.

ભરૂચ ડિસ્ટ્રીકટ બેંકના ચેરમેન અને વાગરા એમ.એલ.એ. બેંકની સહકારી પ્રવૃત્તિ અંગે વિસ્તુત છણાવટ કરી સરકારી યોજનાઓ બેદ્વકના સંકલનમાં સબસીડીયુકત લોન દ્વારા કિસાનોને આર્થિક રીતે સધ્ધર થવા અનુરોધ કર્યો હતો. તાલુકાના સહકારી માળખાની વાત કરતા સ્વ.મગન સોલંકી તથા ઠાકોર અમીનને યાદ કર્યા હતા. ખેડૂતોને આગોતરા આયોજન રૂપે પાણીના સંચય માટે જળસ્ત્રોતો ની જાળવણી કરવા જણાવ્યું હતું.

આપણે ત્યાં મીઠાના પાણીના સોર્સ ઓછા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે વ્યક્તિગત કોલ્ડ સ્ટોરેજ માટે બેંક પડખે રહેશે તથા સરકારી વિવિધ યોજનાકીય જાણકારી આપી હતી. જીનીગ પ્રેસ ફરી શરૂ કરવામાં આવે, સુગર ફેક્ટરીઓ ફરી શરૂ થાય, તે માટે પ્રયત્યો કરવા જાઈએ, જંબુસર તાલુકાના ખેડૂતોની સમૃધ્ધિ વધે તે અંગે ઉપસ્થિત મહેમાનો દ્વારા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપી હતી.

આ પ્રસંગે જીલ્લા તાલુકા સહકારી અગ્રણીઓએ ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનની કાર્યદક્ષતાની ભારોભાર પ્રશંસા કરી હતી. તેમના નેતૃત્વમાં ખાડે ગયેલી સંસ્થા પુનઃજીવીત થઈ છે. બેંક બંધ થતા અટકી અને આજે નફો કરતી સંસ્થા બની છે અને રાજયમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખેડૂત શિબિરમાં મંડળીઓના ચેરમેનો,સેક્રેટરીઓને કિસાનલક્ષી અભિગમ દાખવી તેમને મદદરૂપ થવા જણાવ્યું હતું. પ્રસંગે તાલુકા જીલ્લા આગેવાનો મુકેન્દ્રસિંહ યાદવ, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, આમોદ એ.પી.એમ.સી. ચેરમેન, ખેડૂતો, કમિટિ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા જિલ્લામાં કામ કરતા ૩૦ જેટલા આધારકાર્ડના કર્મચારીઓને પગાર ઓછો અપાતો હોવાની બુમ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કર્મચારીઓને ૬ થી ૭ હજાર રૂપિયા જેવુજ માસિક વેતન અપાય છે જયારે એજન્સી ને દસ હજાર ચુકવાય છે તો વચ્ચેના રૂપિયા ક્યાં જાય છે...?



આ તમામ કર્મચારીઓને બેંક ખાતામાં પગારના નાણાં ન આપી રોકડા આપતા હોય વચ્ચે કટકી થતી હોવાની બૂમ

નર્મદા જિલ્લાના પાંચ તાલુકામાં કામ કરતા આધાર ઓપરેટર અને સુપરવાઈઝરો મળી ૩૦ જેવા કર્મચારીઓનું શોષણ

રાજપીપળા : સરકારે આધાર ફરજીયાત કર્યું છે બેંક હોય કે ગમેતે કામમાં આધાર કાર્ડ જરૂરી બન્યું છે અને ઘણા સમયથી આધારકાર્ડ ની કામગીરી ચાલુ છે ત્યારે છેલ્લા એકાદ વર્ષથી નર્મદા જિામાં આધારાર્ડની કામીરી માં આઉટ સોર્સ પર કામ કરતા ઓપરેટરો અને સુપરાઈઝરોને સરકારી ધારાધોરણ કરતા ઘણો ઓછો પગાર ચુક્વતો હોવી બૂમ ઉઠી હોય હાલ આ કર્મચારીઓને છ થી સાત હજાર રૂપિયાજ માસિક પગાર અપાય છે અને એ પણ કર્મચારીના બેંક ખાતામાં જમા ન કરી રોકડ આપતા હોવાની વાત સુત્રો દ્વારા જાણવા મળી હોય આ બાબતે અંદર ખાનગી તપાસ કરતા કોઈ સરકારી કર્મચારી જે તે એજન્સી સાથે સાઠગાંઠ ધરાવી મળવાપાત્ર પગાર પુરેપુરો ન ચૂકવી વચ્ચે કમિશન કાઢતા હોવાની માહિતી મળી હતી ત્યારે એજન્સી સાથે સાઠગાંઠ ધરાવનાર આ સરકારી વ્યક્તિ કોણ છે...? એ માટે કલેક્ટર તપાસ કરી પગલાં લે તો આધારના કર્મચારિયોને નિયમ મુજબ યોગ્ય પગાર મળે એમ છે

જોકે સૂત્રો દ્વારા એમ પણ જાણવા મળ્યું હતું કે અગાઉ કામ કરતી અન્ય એક એજન્સીએ આ સરકારી વ્યક્તિને કમિશન ન આપી નિયમ મુજબનો પગાર કર્મચારીઓને આપવાની વાત કરતા તેની કામીરી પર બ્રેક મરાઈ હતી અને અન્ય મળતિયા એજન્સીને કામ સોંપાયું હતું ત્યારે જો આ વાતમાં તથ્ય હોય તો કલેક્ટર આવા વ્યક્તિ કે એજન્સી બાબતે તપાસ કરી કર્મચારીઓના હિત માં પગલાં લે એ જરૂરી છે .નહીં તો ગદ્ધા મજૂરી કરી લોકોના આધારકાર્ડ ની કામગીરી કરતા કર્મચારીઓ નું શોષણ અટકે નહીં

આ એજન્સીની મુદત ડીસેમ્બર માં પુરી થઈ છે : જયરામ જોશી (કારકુન)

આધારકાર્ડ ની કામગીરી સાથે લાંબા સમયથી સંકળાયેલા ક્લાર્ક જયરામ જોશીએ જણાવ્યું કે અમે એજન્સીને કર્મચારી દીઠ દસ હજાર રૂપિયા ચૂકવીએ છીએ અને કર્મચારીઓને એજન્સી કેટલો પગાર આપે છે એ ખ્યાલ નથી પરંતુ આ એજન્સીની મુદત પુરી થઈ હોય હવે નવી જાહેરાત આપી અમે નવા ટેન્ડર બહાર પાડીસું .

અમે એજન્સીને નિયમ મુજબ પેમેન્ટ કરીએ છે : સંજય સોની (ચીટનીશ)

આ બાબતે નર્મદા કલેક્ટરમાં ચીટનીશ તરીકે હોદો સંભાળતા સંજય સોનીએ જણાવ્યું કે અમે એજન્સીને આઉટ સોર્સ કર્મચારીઓનું પૂરું પેમેન્ટ ચેક દ્વારાજ આપીએ છીએ આ અમદાવાદની એજન્સી છે એને દર મહિને એના ખાતામાં પેમેન્ટ ચેક મારફતે ચૂકવાય છે.

જોકે જયરામ જોશી અને સંજય સોની આ બંને સરકારી બાબુઓ સાચા હોય તો કર્મચારીઓનું સોસણ કોણ કરે છે અને સોસણ નો ભાંડો ન ફૂટે એ માટે કર્મચારીઓના બેંક એકાઉન્ટમાં પૈસા જમા ન કરી રોકડ પગાર કેમ ચૂકવાય છે ...? શું આ જવાબદારી તંત્રના અધિકારીઓની નથી કે નિયમ મુજબ પગાર એકાઉન્ટ માં જમા થાય અને પીએફ સહીતના લાભ કર્મચારીઓને મળે જો આ બાબતે તટસ્થ તપાસ થાય તો એજન્સી સાથે કોની સાઠગાંઠ છે એ ચોક્કસ બહાર આવે એમ છે.

ભોરઆંબલી ગ્રામપંચાયત ની પેટા ચૂંટણીમાં સરપંચ તરીકે રાજેન્દ્ર વસાવા વિજેતા



૨૦૧૮ માં ગ્રામ પંચાયત સુપરસીટ થતા સરકારે પેટા ચૂંટણી કરી જેમાં ૮ વોર્ડ માં ૫ બિનહરીફ થયા, ૩ વોર્ડની ચૂંટણી યોજાઈ

રાજપીપળા : સાગબારા તાલુકાના ભોરઆંબલી ગામે પેટા ચૂંટણીમાં સરપંચ તરીકે રાજેન્દ્ર વસાવાનો વિજય થતા ગામમાં વિજય સરઘસ નીકળ્યું હતું. યુવા સરપંચને ચૂંટી ગ્રામજનોમાં આનંદની લહેર પ્રસરતા ગ્રામજનો વિજય સરઘસમાં ઝૂમી ઉઠ્યા હતા.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ૨૦૧૫ માં ચૂંટણી થઇ જેમાં સાગબારાના ભોરઆંબલી ગામે પણ ચૂંટણી યોજાઈ હતી જેમાં સરપંચ તરીકે રમેશ વસાવા વિજેતા થયા હતા પરંતુ ભોરઆંબલી ગામના સૌથી વધુ સભ્યો છતાં આ ગામમાં વિકાસ કામો નહોતા થતા જેથી સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી પંચાયતને સુપરસીટ કરી હતી ત્યાર બાદ વહીવટદાર હસ્તક આ ગ્રામપંચાત રહી સરકાર દ્વારા ૨૦મી જાન્યુઆરીના રોજ ચૂંટણી યોજાઈ, ગ્રામ પંચાયતમાં કુલ ૮ વોર્ડ જેમાં ૫ વોર્ડ માં બિનહરીફ સભ્યો થયા જયારે સરપંચ અને ૩ વોર્ડ ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ૧૮૪૯ મતદારોમાં ૧૫૫૪ મતદારો એ વોટિંગ કર્યું એટલે ૮૪ ટકા વોટિંગ થયું હતું। જેમાં સરપંચ ઉમેદવાર માં રાજેશ વસાવા ને ૭૯૫ મતો મળ્યા જયારે પ્રદીપ વસાવા ને ૭૩૭ મતો મળ્યા એટલે રાજેશ વસાવા ૫૮ મતોથી વિજેતા થયા હતા. જયારે વોર્ડ ૨ માં શીતલ વસાવાની જીત થઈ, વોર્ડ ૩ માં અનિલ વસાવાની જીત થઈ બાકીના બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતા સરપંચ અને સભ્યો દ્વારા ગામમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

વિદેશી દારૂનો જથ્થો પકડી ગણનાપાત્ર કેશ શોધી કાઢતી વાલીયા પોલીસ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી જીલ્લામા પ્રોહી/ જુગારની અસામાજીક પ્રવુતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક લગધીરસિંહ ઝાલા સાહેબ,અંકલેશ્વર ડીવીઝન તથા પોલીસ ઈન્સપેકટર શ્રી ઝેડ.એન.ઘાસુરા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વાલીયા પો.સ્ટે. વિસ્તારમા પ્રોડી અને જુગારની પ્રવૃતિ સદંતર નાબુદ કરવાના ભાગ રૂપે ખાનગી બાતમીદારથી બાતમી હકિકત મળેલ જે આધારે મોજે કોઢ ગામે કોંઢ ગામે સીલુડી જવાના રસ્તા ઉપર મંજુબેન સોમાભાઈ વસાવા ના શેરડીના ખેતરના રોઢા ઉપર આવેલ મહુડાના ઝાડ નીચેથી ઝાડી ઝાંકરામાં સંતાડેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો ગે.કા.નો જથ્થો કુલ્લે નંગ - ૬૭૨ કુલ્લે કિ,રૂ. ૬૭,૨૦૦/- નો દારૂ તથા પલ્સર મો.સા કિ.૩ ૨૫૦૦૦/- મળી કુલ કિ.રૂ ૯૨,૨૦૦/- નો મુદ્દામાલ પકડી પાડેલ છે અને આ જથ્થો મંગાવનાર જયેશભાઈ વસાવા રહે. મુળ ઝોખલા તા. નેત્રંગ જી.ભરૂચ હાલ રહે.કોઢ તા.વાલીયા જી.ભરૂચ નાઓને વોન્ટેડ જાહેર કરેલ છે. જે બાબતે વાલીયા પો.સ્ટે. ગુનો રજી કરી કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરવામા આવેલ છે.

સીનિયર સીટીઝનોની જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ માટે અરજીઓ મંગાવાઇ

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, વલસાડ દ્વારા જિલ્લા કક્ષાની સીનિયર સીટીઝન ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા ભાઇ/ બહેનો માટે વોલીબોલ, એથ્લેટીક્સ, યોગાસન, રસ્સાખેંચ, ચેસ, કેરમ અને ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા રસ ધરાવનાર ભાઇ-બહેનો તથા રમત મંડળોએ તેમના પ્રવેશપત્રો તા.૨૮/૧/૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સેવાસદન-૧, પાંચમા માળે, ધરમપુર રોડ, વલસાડને મોકલી આપવાના રહેશે.

આર્થીક ભીંસના કારણે યુવકે આપઘાત કરતા ખળભળાટ

સુરત

અકસ્માતમાં પગે ફેક્ચર થતાં પથારીવશ થયેલા ડુંભાલના યુવકે ઝેરી દવા પીને જીવનને ટૂંકાવ્યું હોવાની ઘટના બની છે. આર્થીક ભીંસના કારણે યુવકે આપઘાત કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ડુંભાલમાં સુમન સિદ્ધ આવાસ ખાતે રહેતા ૨૦ વર્ષીય જયદિપ અશોકભાઈ જાદવે સાંજે ઘરમાં ઝેરી દવા પી લીધી હતી. આ અંગે જાણ થતાં જયદિપસને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે મુળ બોટાદનો વતની જયદિપ ટાઈલ્સ ફિટિંગનું કામ કરતો હતો. તેના પિતા શાકભાજી વેચે છે. દરમિયાન બે માસ પહેલા જયદિપને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં પગે ફેક્ચર થતા તે પથારીવશ હતો. અકસ્માતના કારણે કામે નહીં જઈ શકતા પરિવારમાં આર્થીક તકલીફ પડતી હતી. જેથી ટેન્શનમાં આવી તેને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે લિંબાયત પોલીસે અકસ્માત મોત દાખલ કરી તપાસ હાથધરી છે. છેલ્લા કેટલાય સમયથી આર્થીક સંકડામણને કારણે આપઘાતના બનાવોમાં સતત વધારો થઇ રહ્યો છે. તેમાં પણ પરિવારનું ગુજરાન ચાલવવાની જવાબદારી માથાપર આવી પડતાં આખરે કોઇ રસ્તો નહીં મળવાને લીધે આપઘાત કરી લેતા હોય છે. ત્યારે અન્ય વિકલ્પ અંગે પણ આપઘાત કરતા પહેલા વિચારે તો આવા બનાવો અટકી શકે છે.





અંકલેશ્વરમાં સ્ટેશન વિસ્તારમાં મળસ્કે ૪ જેટલી કેબીનોમાં આગ





અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસેની લોર્ડ પ્લાઝા હોટલ સામે આવેલી ૪ જેટલી કેબીનોમાં વહેલી સવારે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પ્રતિન ચોકડી નજીક લોર્ડ પ્લાઝા હોટલ સામે આવેલી ૪ જેટલી કેબીનોમાં વહેલી સવારે અચાનક આગ લાગી હતી.જો કે, આગની જાણ થતાંજ ડીપીએમસી ફાયર સ્ટેશનમાં કરવામાં આવતા બે જેટલા ફાયર બ્રિગેડ સાથે લાશ્કરો દોડી આવ્યા હતા.

કેબીન ઉપરથી પસાર થતી હાઈ ટેન્શન લાઈનનો વીજ પ્રવાહ બંધ કરાવ્યા બાદ પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં ચપ્પલ,કપડા, મોચીનું કેબીન અને એક પાનનો ગલ્લો બળીને ખાખ થઈ ગયો હતો.આ કેબીન પાસે મુકેલ અને ગેરેજમાં રીપેરીગમાં આવેલ ૩ જેટલી બાઈકો પણ બળી ને ખાખ થઈ ગઈ હતી. જોકે આગ કોઈ અસામાજિક તત્વો દ્વારા લગાવવામાં આવી હોવાનો કેબીન ધારકોએ આક્ષેપ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કપડાની દુકાનમાં આગ લાગી હતી ત્યારે કેબીન ધારકોએ પોલીસ તંત્ર પાસે પેટ્રોલિંગની માંગ કરી હતી.

કડોદ ગામના નદી કિનારેથી પકડાયેલી ૨.૫ વર્ષની દીપડીનું આઘાત લાગવાથી મોત



ભરૂચ તાલુકાના કડોદ ગામે દીપડીએ ત્રણ શખ્સો પર અચાનક હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો હતો. જેમાં ત્રણેવ ઈજાગ્રસ્તોને સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ઘટનામાં નદીના પટમાં ફસાયેલા દિપડીને રેસ્કયુ કરવા આવેલ વડોદરાની ટીમના યુવાન ઉપર દિપડાએ રેસ્કયુ દરમિયાન જ હૂમલો કરતા રેસ્કયુ કરનાર કર્મિ પણ લોહીલુહાણ થવાની ઘટના બનવા પામી હતી. ગ્રામજનોની મદદથી આખરે દિપડીને પાંજરે પુરી નિલકંઠેશ્વર મંદિર ખાતે આવેલી રેવા નર્સરીમાં વેટનરી ડોકટરની દેખરેખમાં રખાઈ હતી.પરંતુ દીપડીનું શ્વાસ રૂંધાવાથી અથવા આઘાત લાગવાથી રાત્રીના ૯ વાગ્યાના અરસામાં મોત નીપજ્યું હતું. ફોરેસ્ટ વિભાગ દ્વારા ઝઘડિયા ખાતે મૃત દિપડાના મોતનું ચોક્કસ કારણ જાણવા તેનું પીએમ કરાવ્યા બાદ તેને અગ્નિદાહ આપ્યો હતો અને પીએમ રિપોર્ટ મેળવા તજવીજ હાથ ધરી છે.

રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસરે ત્રીજું નેત્ર ખોલ્યું...

નગરપાલિકા શોપિંગ સેન્ટરના ૪૦ દુકાનદારોને લાખોના બાકી ભાડા માટે નોટિસ ફટકારતા ફફડાટ

નગરપાલિકાના શોપિંગ સેન્ટરમાં ભાડાપટ્ટે આપેલી ૪૦ દુકાનનું ઘણા સમયથી લાખો રૂપિયા ભાડું બાકી હોય મગનુ નામ મરી ન પાડતા દુકાનદારો સામે લાલ આંખ



એક તો પાલિકાની આર્થિક સ્તિથી નબળી હોય ઉપરથી અમુક વિસ્તારના બાકી વેરા અને લાખોનું ભાડું બાકી હોય ચીફ ઓફિસરે વર્ષોથી અભરાઈ એ મુકેલી બાકી રકમની ફાઈલો કાઢતા ભૂકંપ જેવી સ્તિથી

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકાની આર્થિક હાલત ઘણા વર્ષોથી નબળી હોય કરોડો રૂપિયા લાઈટબીલ પણ બાકી છે ત્યારે રાજપીપા શહેરમાં વેરા સહીત જ્યાં જ્યાં પાલિકાએ લેવાની બાકી રકમ હોય એ બાબતે ચીફ ઓફિસર અમિત પંડ્યા એ નજર મારતા વર્ષોથી આળસ મરડતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે

રાજપીપાના પ્રવેશ દ્વાર કાળાધોડા પાસે આવેલા નગરપાલિકા શોપિંગ સેન્ટરમાં ભાડાપટ્ટે અપાયેલી ૪૦ જેવી દુકાનોનું વર્ષોથી ભાડું બાકી હોય દુકાનદારો ભાડું ભરવા મગનુ નામ મરી પાડવા તૈયાર ન હતા ત્યારે થોડા મહિના પહેલાજ ચાર્જ સંભાળતા ચીફ ઓફિસર અમિત પંડ્યા એ એક બાદ એક અભરાઈ પર પડેલી ફાઈલો પરથી ધૂળ ખંખેરવાની શરૂઆત કરી જેમાં વેરા બાદ લ શોર્ગિ સેટરની દુકાનોનું લાખો રૂપિયા ભાડું બાકી જણાતા ભાડાપટ્ટે આપેલી આ દુકાનોને નોટિસ ફટકારી હતી જેમાં ૪૦ દુકાનોના ભાડા પેટે ૧૨ લાખ રૂપિયાથી વધુની રકમ બાકી હોય તાત્કાલિક ભરવા જણાવ્યું હતું સાથે ૩૧ જાન્યુઆરી સુધી આ બાકી ભાડું ભરપાઈ નહી કરે તો કરારની સરતો મુજબ ડિપોઝીટ અને દુકાનનો સામાન જપ્ત કરી દંડ સાથે વસુલ કરવાની નોટિસ આપતાંજ દુકાનદારોમાં ફફડાટ ફેલાયો જોવા મળ્યો અને અમુક તો તાત્કાલિક ભાડું ભરવાની તજવીજ માં લાગી ગયા હતા. રાજપીપળા નગરપાલિકાની સ્તિથી છતે પૈસે નબળી જણાતા હવે એમાં મોટાપાયે સુધારા દેખાઈ રહ્યા છે .

પાલિકાના માથે કરોડોનું દેવું હોય નીકળતા પૈસા કઢાવવા જરૂરી છે માટે નોટિસ આપી છે : અમિત પંડ્યા

પાલિકાના કડક ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યાએ જણાવ્યું કે ઘણા સમયથી આ દુકાનદારોનું લાખો રૂપિયાનું ભાડું બાકી પડતું હોય પાલિકાની આર્થિક સ્તિથી નબળી હોય ત્યારે બાકી વેરા કે ભાડા ની આવક એ આવે તો સ્તિથી સુધરે માટે અમે હાલ દુકાનદારોને નોટિસ આપી છે અને જાન્યુઆરી ના અંત સુધી ભાડું નહીં ભરે તો નિયમ મુજબ ડિપોઝીટ અને દંડ સહિતની કાર્યવાહી કરતા અમે ખચકાઈસુ નહીં એમાં કોઈ લાગવગ કે સ્નેહ સરમ ચાલે નહીં .

કેવડિયા પોલીસે ૧૧ સ્થાનિક આગેવાનો સામે ફરિયાદ નોંધાતા કેવડિયા ગામ બીજે દિવસે પણ સ્વયંભૂ સજ્જડ બંધ

રાજપીપળા:કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના પગલે દેશના વિવિધ ૩૩ રાજ્યોના ભવનો પણ કેવડિયામાં બનાવવાનું સરકારે નક્કી કર્યું છે.હરિયાણા સીએમ ખટ્ટરના હસ્તે કેવડીયામાં હરિયાણા ભવનનું ખાતમુહૂર્ત કરાયા બાદ ગુસ્સે ભરાયેલા કેવડિયા સહિત આસપાસના ગ્રામજનોએ આંદોલન દરમિયાન પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો.જેમાં નર્મદા પોલીસના એક પીએઅઆઈ અને પો.કો ઘાયલ થયા હતા.આ મામલે કેવડિયા પોલીસે ૧૧ લોકો સામે રાયોટિંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસની આ કાર્યવાહીના વિરોધમાં કેવડિયા ગામ બીજે દિવસે પણ સ્વયંભૂ સજ્જડ બંધ રહ્યું હતું.

કેવડિયા સહિત આસપાસના ગામોના આદિવાસીઓ પોલીસની કામગીરીનો ભારે વિરોધ કરી રહ્યા છે.ગ્રામજનોને આક્ષેપ લગાડતા જણાવ્યું હતું કે પોલીસ લોકોના ઘરોમાં ઘૂસી જઈને તપાસ કરે છે.પોલીસ દમન ગુજારી રહી છે.કેવડિયા ગામના લોકો સતત બે દિવસથી ખૂબ જ ભય સાથે જીવી રહ્યા છે.પોતાના ઘરમાં ડરીને રહેવું પડે છે.ઘણા તો રાત્રે લાઈટો બંધ રાખી ઘરના સુઈ રહે છે.પોલીસની આ રીતની કાર્યવાહીને લીધે જ કેવડિયા કોલોનીના વેપારીઓ બીજે દિવસે સજ્જડ બજાર સજ્જડ બંધ રાખ્યું હતું,તો બીજી બાજુ એમની સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકની ચા નાસ્તાની લારીઓ વાળાએ પણ સજ્જડ બંધ પાડી આદિવાસીઓને પોતાનું સમર્થન જાહેર કરી પોલીસ દમનનો વિરોધ કર્યો હતો. કેવડિયા ગ્રામજનોએ બંધ પાડી નર્મદા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન દિનેશ તડવી અને તેમના પુત્ર રણજિત તડવીનું સમર્થન કર્યું છે.કેવડિયાના ગામ લોકો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ગુજરાત સરકાર તેઓના અવાજને દબાવી દેવા માંગે છે.પરંતુ કેવડિયા ગામના ગ્રામજનો હજુ પણ પોતાની માંગ યથાવત રાખી છે.



